
વિનાશકારક જ્ઞાતિ સંસ્થાઓ.

Reg. No. B. 3220.




સમાજ ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

છુટક નકલ ૧ આનો ] વાર્ષિક રૂ. ૧-૮-૦ ]

શ્રી જૈન યુથ સીંડીકેટ (તરુણ જૈન સમિતિ)નું મુખપત્ર
તંત્રીઃ—ચંદ્રકાન્ત વી. સુતરીયા.

[ વર્ષ ૧લું અંક ૭મો
[ રવિવાર તા. ૧-૪-૩૪

## અધર્માચાર્યોને પદભ્રષ્ટ કરો?

"જબ્બરસત્તાધારો અને ધર્માચાર્યો વચ્ચેની લડાઇનું ઇતિહાસમાં કેટલીયેવાર પુનરાવર્તન થયું છે. ત્રણ હજાર વર્ષ પૂર્વે હીબ્રૂ એમોસે ધર્મપિતા ત્યજી દઇ, અધર્મને પંથે વળ્યાનો પોતાના રાષ્ટ્રને પડકાર કરતાં કહ્યું કે 'હું ધર્મગુરૂ કે નેતા નથી.' "

"હું દુરાચારને ધિક્કારું છું. અને તમારી દેવપૂજાની વિધિઓ પ્રત્યે ઘૃણા છૂટે છે. ન્યાયના સ્રોતને અસ્ખલિત રહેવા દેજો એવી પ્રભુવાણી હેમણે આચારભ્રષ્ટ ધર્માચાર્યોને સંભળાવી હતી."

ઘણા સુધારકોએ આમજ અધર્મ ધર્મગુરૂઓના કપટ અને દંભ સ્હામે પોકાર કર્યો હતો."

મહાન સંસાર સુધારક કરસનદાસ મુળજીની શતાબ્દિ પ્રસંગે ઉચ્ચારેલા સર સયાજીરાવના એ શબ્દો છે.

ભારતવર્ષમાં ધર્મથી જેટલો માનવ આક્રાંત છે તેટલો બીજા કોઇથીએ આક્રાંત નથી. આમ ધર્મગુરૂઓની મહાન જવાબદારી છે. હેમનામાં જો સડો હોય તો આપોઆપ સમાજમાં સડો ધુસે છે. તે સાફ હોય, વ્યવહારૂ હોય, નેક દિલ હોય અને પોતાની જવાબદારી સમજતો હોય તો સમાજ પ્રગતિ તરફ આગળ ધસે છે. એટલેજ અનેક સમાજ સુધારકોએ, મુત્સદીઓએ ધર્મગુરૂઓના અનીતિમય આચરણની જ્યારે જ્યારે પ્રસંગ મળ્યો છે ત્યારે ત્યારે સખ્ત શબ્દોમાં આલોચના કરી છે. સર સયાજીરાવનો પણ એજ ઉદ્ગાર છે.

જૈન સમાજ પણ આજે એજ પરિસ્થિતિનો ભોગ બન્યો છે. ધર્મગુરૂઓની અમર્યાદિત લાલસાઓ, હેને પોષવા માટેના કાવાદાવા અને પ્રપંચની હાડમારીમાં સમાજની પ્રગતિ રૂંધાઇ ગઇ છે. દરિદ્રતા અને પુરાણવાદી પક્ષને ધર્મના મીઠા અને મધુરા આદર્શથી ભોળવી મોક્ષ અને સ્વર્ગ મેળવવાની લાગણી ખિલવી ઇચ્છિત સિદ્ધિ માટેની દુકાનદારી ચલાવી રહ્યા છે. એટલુંજ નહિ પણ વેપારીઓમાં જેમ એક બીજામાં ઇર્ષ્યા હોય હેમ આ ધર્મગુરૂઓમાં પણ ખૂબ ઇર્ષ્યાની આગ જલી રહી છે. એક ધર્મગુરૂ બીજા ધર્મગુરૂને જનતાની દ્રષ્ટિએ હલકો પાડવા માટે ગમે તેવા કાવાદાવા કરતાં પાછો નહિ હટે. આમ ધર્મગુરૂના શિષ્યમોહ, કીર્તિ, પુસ્તક પરિગ્રહ, પદવીઓનો મોહ, અહંભાવ અને વ્યક્તિત્વમાં સમાજનું કલેવર ભૂંસાઇ રહ્યું છે. અને એ હાડપિંજર જેવા છતાં પણ હેની આદત જતી નથી. આમને આમ ધર્મગુરૂઓની સાઠમારીથી છેલ્લાં પચ્ચીસ વરસનો ઇતિહાસ તપાસવામાં આવે તો જણાશે કે સમાજના વ્યાપાર રોજગારનો લગભગ નાશ થયો છે. ઋદ્ધિ ચાલી ગઇ છે, સંપ અને ભ્રાતૃભાવનાને સ્થાને ઇર્ષ્યા અને વૈરે સ્થાન લીધું છે, તેમજ રાજદરબારમાં કયાંયે સ્થાન નથી. એ રીતે આપણી ખુબ પીછેહઠ થઇ ગઇ છે. જ્યાં સુધી જનતાની દ્રષ્ટિએ ધર્માચાર્યોનાં આચરણો ઉઘાડાં નહિ પડે ત્યાં સુધી આમને આમ ચાલ્યાજ કરવાનું, એટલે યુવકોની અનિવાર્ય ફરજ છે કે ધર્માચાર્યોના અધર્માચરણો ખુલ્લાં કરી હેને જનતાની દ્રષ્ટિથી પદભ્રષ્ટ કરે. સમાજનો ઉત્કર્ષ ત્યારેજ થશે કે જ્યારે પાખંડ વ્હેમ અને રૂઢિચુસ્તતાનો સંપૂર્ણ નાશ થશે.

### શ્રી વિજય શાન્તિસૂરિ મહારાજને અભિનંદન.

તા. ૨૧-૩-૩૩ ની રોજ મળેલ શ્રી મુંબાઇ જૈન યુવક સંઘની કાર્યવાહક કમીટીએ નીચેનો ઠરાવ સર્વાનુમતે પાસ કર્યો છેઃ—

"શ્રી કેશરીયાજી તીર્થ માટે શ્રી વિજય શાન્તિસૂરિ મહારાજ જે આત્મભોગ આપી રહ્યા છે તે માટે તેઓશ્રીને આજની મળેલી કાર્યવાહક કમીટી અભિનંદન આપે છે અને તેઓશ્રીના કાર્યમાં સફળતા ઇચ્છે છે.

**पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।**
**सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरई ॥**

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર.)


# —: તરૂણ જૈન. :—

રવિવાર તા. ૧-૪-૩૪


## વિનાશકારક જ્ઞાતિ સંસ્થાઓ.

### ભાઇ પરમાનંદદાસનું રાજીનામું.

જગતભરના પ્રગતિકારક વાતાવરણમાંથી પ્રેરણા મેળવી દરેક સમાજે પોતાનામાં રહેલાં કુતત્વો-કુરૂઢિઓને દૂરનાવી નિર્ભેળ સંસ્કૃતિ ઉત્પન્ન કરવાની તમન્ના સેવી રહ્યા છે અને તે માટેની વિચારણાઓને વેગ આપી આમજનતાને કેળવવાનો પ્રયત્ન થઇ રહ્યો છે.

જૈન સમાજ એ અનેક જ્ઞાતિઓથી બનેલો સમાજ છે, તેમાં પણ અનેક હાનિકારક રિવાજોનું અસ્તિત્વ છે. આ રિવાજો સ્હામે છેલ્લા દસકામાં પ્રચંડ વિચારબળ ઉત્પન્ન કરવામાં આવ્યું છે, સમાજનો પ્રત્યેક યુવાન એ વિચારતો થયો છે, કે આપણામાં જેટલી હાનિકારક વસ્તુઓ હોય તે બધી દૂર કરવી જોઇએ; તે પૈકી જ્ઞાતિ સંસ્થા પણ પ્રગતિબાધક છે, એમ માન્યતા વધતી જાય છે, તેનુંજ એ પરિણામ છે કે એ સંસ્થામાંથી સમાજમાં પ્રૌઢ વિચારક મનાતા ભાઇ પરમાનંદદાસે રાજીનામું આપ્યું છે.

ભાઇ પરમાનંદદાસ એ રાજીનામા માટે કારણો દર્શાવતાં કહે છે કે "જ્ઞાતિ સંસ્થાઓ જ્યારે અસ્તિત્વમાં આવી ત્યારે ભૌગોલિક ક્ષેત્ર બહુ ટુંકું હતું અને તેમાં પોતાની દીકરા દીકરીઓનો આપલેનો વ્યવહાર કરતા, પણ આજે વિજ્ઞાનયુગમાં એ ભૌગોલિક ટુંકી મર્યાદા અર્થહિન બનતી જાય છે, તે મંતવ્યમાં રૂઢિ પરંપરા સિવાય બીજું કંઇ પણ વાસ્તવિક કારણ મારા ધ્યાન ઉપર આવતું નથી. અને તેથી પોતાના બાળકોને વરાવવા સંબંધમાં વર્તમાન જ્ઞાતિનું વર્તુલ સ્વીકારીને ચાલવાની મારી બુદ્ધિ ચોખ્ખી ના પાડે છે." ભાઇ પરમાનંદદાસની આ દલીલ કંઇ વજુદ વગરની નથી, જ્ઞાતિ સંસ્થાઓનું અત્યારનું ધોરણ જોતાં છોકરાં છોકરીને વરાવવાં સિવાય બીજું કશું કાર્ય નથી. જે જમાનામાં જ્ઞાતિ સંસ્થાઓ અસ્તિત્વમાં આવી, ત્યારે કદાચ તેનો પ્રમાણિક ઉદ્દેશ હશે પણ આજે તો એ સંસ્થા શ્રીમંતોને સ્વેચ્છિત વિહાર કરવાની કિલ્લેબંદીરૂપ બની ગઇ છે. એ સ્થિતિ ખૂબ વિનાશકારક છે. આજનો યુવાન એ વસ્તુ જરાયે સાંખી શકે નહિ.

બીજું જ્ઞાતિ સંસ્થાઓએ જે સાંકડાપણું આપ્યું છે તેથી સમાજ છિન્નભિન્ન થઇ ગયો છે, તેની પ્રગતિ રૂંધાઇ ગઇ છે, જ્ઞાતિ સંસ્થાઓનું અસ્તિત્વ હોવાથીજ કન્યાવિક્રય અને વૃધ્ધ વિવાહરૂપ રાક્ષસો સમાજના કલેવરને કોતરી રહ્યા છે. બાળલગ્ન જેવી કુરૂઢિથી આવતી કાલના નાગરિકોનું હીર ચુસાઇ રહ્યું છે. અમે ઉંચા અને બીજા નીચાના ભેદભાવો ખડા થયા છે. જ્ઞાતિ સંસ્થાનું અસ્તિત્વ જમીનદોસ્ત થાય તો આ કુરૂઢિઓનો કાચી મિનિટમાં નાશ થાય.

આધુનિક જ્ઞાતિ બંધારણોના નિયમો ઉપર દ્રષ્ટિપાત કરીશું તો મુખ્યત્વે જણાશે કે મેજર લેવાના, તેજવાડામાં કન્યાં લેવડદેવડ કરવાનાં, સગપણ અને લગ્નપ્રસંગે આપલેના, જમણને લગતા, મરણપ્રસંગે જમવા જમાડવાના વગેરે વિનાશકારક રિવાજ સિવાય ભાગ્યેજ કોઇ નાતોમાં સારા નિયમો હશે. આ અધઃપતનની ઉંડી ખાઇ તરફ ઘસડતા નિયમોને પોષતી જ્ઞાતિ સંસ્થાઓને તોડવીજ જોઇએ.

ધાર્મિક દ્રષ્ટિએ પણ આ જ્ઞાતિ સંસ્થાઓ તદ્દન બીન ઉપયોગી છે. ધર્મ ઉપર તેણે સજ્જડ ફટકો લગાવ્યો છે. જૈન ધર્મ એ જાતિ પ્રધાન નથી પણ ગુણ પ્રધાન છે, ગમે તે માણસ જૈન ધર્મી બની શકે છે, પરંતુ જ્ઞાતિઓ તેના સભ્યો સિવાયના નવા ધર્મીઓ માટે અનેક મુશ્કેલીઓ ઉભી કરે છે. જ્યારે જ્ઞાતિ સંસ્થાઓ ન્હોતી ત્યારે જૈન ધર્મ ખૂબ વ્યાપક હતો. આજે તે બીલકુલ મર્યાદિત બની ગયો છે. ધર્મના ભોગે જ્ઞાતિઓ પોષાઇ રહી છે. આ બાબત અનિચ્છનીય છે.

ભાઇ પરમાનંદદાસે જ્ઞાતિઓના વિનાશકારક પરિણામો જોઇ સમાજનું એ બાજુ લક્ષ ખેંચી તેમજ તેમાંથી રાજીનામું આપી યુવાનોને જે પ્રેરણા આપી છે, તે બદલ તેમને ધન્યવાદ ઘટે છે. રાજીનામાના આવા કિસ્સાઓ એક નહિ પણ સંખ્યાતીત બનશે ત્યારેજ આવા વાડાઓ, તડો અને મચ્છોના તંત્રો પડી ભાંગશે.

પ્રગતિનાં સ્વપ્નાં સેવતા યુવકોએ તો આ જ્ઞાતિઓને છેલ્લી સલામ કરી યુગને બંધબેસતાં નવાં બંધારણો ઘડવાં પડશે, અને તેના છત્ર નીચે સમસ્ત સમાજને આણવાનો પ્રબળ પુરૂષાર્થ કરવો પડશે, ત્યારેજ રૂઢિ રાક્ષસી અને તેને પોષતી જ્ઞાતિઓ જગતમાંથી ભૂંસાઇ જશે. જ્ઞાતિઓના ત્રાસમાંથી જ્યારે સમાજ મુક્ત થશે ત્યારે કોઇ સ્વચ્છંદ વાતાવરણ સમાજમાં ઉછળશે. ઉલ્લાસ, આનંદ, અને ચેતનનો તનમનાટ પ્રસરી પ્રગતિની અનેરી રોશની પ્રસરી જશે.

## સુધારીને વાંચવું.

તા. ૧૧-૩-૩૪ ના અંકના છેતાલીસમા પેજ ઉપર વર્તમાનિકના હેડીંગ નીચે અમદાવાદના લગ્ન સંબંધી જે ખબરો પ્રગટ થયાં છે તેમાં ખબરપત્રીની ભૂલથી શેઠ મોહનલાલ હેમચંદ ચગલી છપાયું છે, તેને બદલે શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી એમ વાંચવું.

# પ્રાસંગિક.

**કોન્ફરન્સનું આગામી અધિવેશન:**—જ્યારે સમાજમાં વિષમ વાતાવરણ પ્રસરી રહ્યું છે, મુનિ સંમેલન માટે પણ નિરાશાના સૂરો સંભળાય છે, ચોતરફ અશાંતિ, કલેશ અને વિચારભેદોનો દાવાનળ સળગી રહ્યો છે, કેસરીયાજી, શેત્રુંજ્ય વિગેરે અનેક તીર્થોનો પ્રશ્ન વિકટ બનતો જાય છે, વેપાર વાણિજ્ય અને રાજકરણમાં ખુબ પીછે હઠ થઇ રહી છે ત્યારે મોહમયીને આંગણે વૈશાખ વદમાં કોન્ફરન્સે અધિવેશન ભરવાનો કરેલો ઠરાવ નિરાશામાં કંઇક આશાનો સંચાર કરે છે.

આજના પ્રગતિકારક યુગમાં જગતના બીજા સમાજો જ્યારે પોતાનું સંગઠન સાધી આગળ ધપી રહ્યા છે, ત્યારે આપણો સમાજજ એક એવો સમાજ છે કે જે આંતર કલહની આગમાં સળગી રહ્યો છે, નિર્માલ્યતા પ્રસરી રહી છે, સામુદાયિક શક્તિ છિન્ન વિછિન્ન થઇ રહી છે, એ અરસામાં કોન્ફરન્સનું અધિવેશન ભરાય એ ખુબ ઇચ્છનીય છે. અત્યારે સમાજનું સુકાન જો કોઇ પણ સંસ્થા સંભાળી શકે એવી હોય તો તે આપણી કોન્ફરન્સ છે, હેમાં સમગ્ર હિંદના સંઘોનું પુરતું પ્રતિનિધિત્વ છે. એટલે હેમાં સમાજ હિતેચ્છુઓએ સંપૂર્ણ રીતે પોતાનો સહકાર આપવો એ અનિવાર્ય ફરજ થઇ પડે છે,

આ અધિવેશન એવી વિષમ પરિસ્થિતિમાં મળે છે કે હેને સફળ બનાવવા માટે ખુબ સાવચેતી રાખવી પડશે, સમાજની નાડ તપાસી હેને યોગ્ય રાહે વાળવા માટે માર્ગ દર્શન કરાવવું પડશે અને તે માટે જેટલા વ્યવહારૂ ઉપાયો હોય હેનીજ વિચારણા કરવી જરૂરી છે.

આજે સમાજને ઠરાવોની હારમાળાની જરૂર નથી, પણ કાર્યની જરૂર છે. કોન્ફરન્સને સ્થપાયાં ત્રીસ ત્રીસ વર્ષનાં વ્હાણાં વાયાં છતાં જનતાને સીધી રીતે લાભ મળે હેવું કોઇ રચનાત્મક કાર્ય થયું હોય હેમ અમારી જાણમાં નથી. કોન્ફરન્સ જેવી માતબર અને પ્રતિષ્ઠિત સંસ્થામાં આ નિષ્ક્રિયતા શોભતી નથી. હેના ત્રીસ વરસના ઇતિહાસમાં ક્યાંએ ઠરાવોનો અમલ કરાવવાનો એકાદ બે અપવાદ સિવાય પ્રયત્ન થયો હોય એમ બન્યું નથી. ઠરાવો ઘડવા કે શબ્દોની મારામારી કરવી, એ કંઇ કાર્ય નથી કે ઠરાવોનો મોટો ઢાઢો કરવાથી સમાજનું દાળદર ફીટી જવાનું નથી. પરંતુ જે કંઇ ઠરાવો થાય એ ઠરાવો પાછળ ખુબ પીઠબળ ઉભું કરવાની ખાસ અગત્ય છે, ઘેરઘેર પ્રચાર કાર્ય કરી કોન્ફરન્સના ઠરાવોનો અમલ કરાવવો જોઇએ તોજ નિષ્ક્રિય સમાજમાં કંઇક પ્રાણનો સંચાર થાય. કોન્ફરન્સના સુકાનીઓએ સમજવું જોઇએ કે કોન્ફરન્સ એ અમુક રકમ આપી કે પ્લેટફોર્મ ગજાવી આગળ આવવાનો ક્લાસ નથી, પરંતુ સમાજની દાઝ જ્હેને રગે રગે વ્યાપી હોય, સમાજ ઉન્નતિનાં જે પ્રતિદિન સ્વપ્નાં સેવતાં હોય તેવા નિષ્કલંક, ચારિત્રશીલ, સેવાભાવી માણસોને ક્ષેત્ર મેળવી આપનાર સાધન છે અને તેવા સેવાભાવીઓદ્વારાજ પ્રચાર કાર્ય થઇ શકે.

અધિવેશનમાં અનેક જાતના વિષયો ઉપસ્થિત થશે, અનેક જાતની વિચારણા રજુ થશે, હેમાંથી સમયાનુકૂળ અને વ્યવહારૂ વિચારણાજ હાથ ધરાવી જોઇએ, તે અંગેની વિચારણા આવતે અંકે કરીશું.

**યુવક પરિષદ:**— કોન્ફરન્સનું ચૌદમું અધિવેશન મેળવવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે, હેની સાથે યુવકો પણ જાગૃત થયા છે, હેમણે પણ ચોતરફથી પરિષદ ભરવાનો નિર્ણય બહાર પાડયો છે અને કામ ચલાઉ મંત્રીઓ નીમી સ્વાગત સમિતિના સભ્યો નોંધાવવાનું શરૂ કરી દીધું છે,

અત્યારનું વાતાવરણ જોતાં યુવક પરિષદ પણ ઘણી લાભકારક નિવડશે, કારણ કે યુવક માનસનો પરિચય અત્યારે સમાજને થાય એ બહુ જરૂરી છે. યુવકોમાં પણ અનેક જાતનું માનસ પ્રવર્તી રહ્યું છે, તે માનસને કેન્દ્રિત કરી સંગઠન સધાય તો પ્રગતિ બાધક બળો સામે ખુબ સામનો કરી શકાશે.

સમાજ આજે અનેક સમસ્યાઓમાંથી પસાર થઇ રહ્યો છે, વિવાદાસ્પદ અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા છે, એ બધા પ્રશ્નો છણી કંઇક રચનાત્મક કાર્યક્રમ યુવકો હાથ ધરશે તો સમાજને પોતા તરફ આકર્ષી શકશે. જો કે કોન્ફરન્સ એ કાર્ય કરશે પણ યુવકોને હેનાથી સંતોષ થશે નહિ. એટલે હેમણે યુવક પરિષદદ્વારા મેન્ડેટ તૈયાર કરી પોતાનું બળ જમાવી વડીલો સામે કોન્ફરન્સમાં જઇ બાથ ભીડવાની અનિવાર્ય આવશ્યકતા છે અને હેથી સમાજના દરેક ભાઇઓ કે જેઓ યુવક માનસ ધરાવતા હોય હેમણે મોહમયીને આંગણે ભરાતી આ પરિષદમાં ભાગ લેવા મોટી સંખ્યામાં ઉતરી પડવાની અનિવાર્ય ફરજ થઇ પડે છે. અને તેથી અમે યુગબળને માનનારા દરેક સંઘો, મંડળો અને સંસ્થાઓનું લક્ષ ખેંચીએ છીએ કે તેઓ મુંબઇખાતે ભરાતી યુવક પરિષદમાં પોતાનો સક્રિય ફાળો આપે. જો કે હજુ પરિષદ મળવાની તારિખ, સ્વાગત પ્રમુખ અને પ્રમુખની વરણી જાહેર થઇ નથી, પરંતુ એક બે દિવસમાં જાહેર થશે.

**મુનિ સંમેલન:**—જેમ જેમ દિવસો લંબાતા જાય છે તેમ તેમ જનતાનો વિશ્વાસ સાધુઓ પરથી ઉઠતો જાય છે, દિવસો થયા વિચાર વિનિમય કરતું મુનિ સંમેલન હજુ કોઇ પણ જાતના રાહ ઉપર આવ્યું નથી, એ બાબત સાધુ સંસ્થાને એબ લગાડનારી છે. જ્યાંસુધી શાસ્ત્રદ્રષ્ટિનો એકાન્તવાદ સેવવામાં આવશે અને ત્રિકાળાબાધિત, અવિછિન્ન પ્રણાલિકા વગેરે શબ્દોનો વ્યામોહ નહિ જાય ત્યાં સુધી કોઇ પણ જાતનું કાર્ય થાય એમ અમે માનતા નથી, ચાર સાધુની કમીટીએ જે ઠરાવો ઘડીને રજુ કર્યા છે અને જૈન જ્યોતિદ્વારા જે બહાર આવ્યા છે, તે જો સાચી વાત હોય તો એ ઠરાવો સમાજની હાલની પરિસ્થિતિને જરાયે અનુકૂળ નથી. વીસમી સદીમાં જીવવું અને ચૌદમી સદીની વિચારણાઓ કરવી એ મુર્ખાઇ છે. સંમેલનને સફળ બનાવવું હોય તો યુગબળને પીછાનવુંજ પડશે. વર્તમાન પરિસ્થિતિનો વિચાર કરી દેશકાળને અનુકૂળ બનવુંજ પડશે. એમ નહિ કરવામાં આવે તો વીસમી સદીમાં નહિં જીવી શકાય. યુગબળનાં મુલ્ય આંકવાંજ પડશે. સમાજમાં શાન્તિ સ્થાપવાનો માત્ર એકજ ઉપાય છે અને તે દેશકાળને માન આપવાનો. અમે ઇચ્છીએ છીએ કે હજુ પણ મુનિ સંમેલનના ધુરાવાહકો સમજી જાય અને હેની ખુબી ભરેલી નૈયાને તરતી કરે. આ નોંધ લખાઇ ગયા પછી સંમેલનમાં નવ જણાની કમીટી નિમવાના સમાચાર બહાર આવ્યા છે, અને હેમાં શ્રી નેમિસૂરિ, શ્રી નીતિસૂરિ, શ્રી વલ્લભસૂરિ, શ્રી ભુપેન્દ્રસૂરિ, શ્રી સિદ્ધિસૂરિ, શ્રી દાનસૂરિ, શ્રી સાગરાનંદસૂરિ, શ્રી જયસૂરિ અને શ્રી સાગરચંદજીની નિમણુંક કરવામાં આવી છે. આ કમીટીને સરમુખત્યારી સોંપવામાં આવી છે. જોઇએ આ કમીટીનું શું પરિણામ આવે છે!

## શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ તરફથી ઉજવાયેલી મહાવીર જયંતિ.

# જાણીતા વકતાઓના વિવેચનો.

# કેસરીયાજી તીર્થ માટે પસાર થયેલો ઠરાવ.

તા. ૨૮-૩-૩૪ ને બુધવારના દિને શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળના આશ્રય નીચે શેઠ અમૃતલાલ કાળીદાસના પ્રમુખપણા નીચે ગોડીજી મહારાજના ઉપાશ્રયના હોલમાં મહાવીર જયંતિ ઉજવવામાં આવી હતી, તે પ્રસંગે માનવ મેદિનીથી હોલ ચીકાર ભરાઇ ગયો હતો. શરૂઆતમાં ભાઇ મોહનલાલ ચોકસીએ આમંત્રણ પત્રિકા વાંચી સંભળાવ્યા બાદ શ્રીયુત પાદરાકરની દરખાસ્તથી અને તે દરખાસ્તને ટેકો મળ્યા બાદ પ્રમુખશ્રીએ પ્રમુખસ્થાન લીધું હતું. ત્યારબાદ કેશરીયાજી તીર્થનિમ્અંગે પ્રમુખસ્થાનેથી નીચે પ્રમાણે એક ઠરાવ મૂકવામાં આવ્યો હતો. 'શ્રી શાંતિવિજયજીએ કેસરીયાજી તીર્થના ઝગડા સંબંધમાં હેનો શાંતિથી નિવેડો લાવવાની પ્રવૃત્તિ આદરી છે તેમાં આજની આ સભા સહાનુભૂતિ દાખવે છે અને સફળતા ઇચ્છે છે.' ઉપરોક્ત ઠરાવના ટેકામાં પ્રમુખે વિવેચન કરતાં જણાવ્યું કે શ્રી શાન્તિવિજયજીએ જે પગલું ભર્યું છે તે સ્તુત્ય છે અને તીર્થ સ્થાનોના રક્ષણને અંગે આપણે હેમને સહાય આપવી જોઇએ. ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો. ત્યારબાદ પ્રભુ મહાવીર જન્મ સંબંધી બોલતાં તેમણે જણાવ્યું કે સમાજ ઉપર હેમના અગણિત ઉપકાર છે, એમાં મારી બુધ્ધિ કંઇ વિચારી શકે તેમ નથી. આઠ વર્ષ અગાઉ આ જયંતિ ઉજવવા અમદાવાદમાં મળેલી પ્રચંડ મેદની જોતાં મને લાગણી થઇ ત્યારે હું પ્રમુખ હતો, તે વખતે પાદરાકર બોલવા ઉભા થતાં ડાંડા ઉછળ્યા. આ રીતે ઝગડો કરીએ તો મહાવીરના અનુયાયી તરીકે કહેવડાવવાનો હક્ક નથી. આપણામાં જે વૈમનસ્ય વધતું જાય છે, તે મહાવીર પ્રભુના જીવનનું અનુકરણ કરી, કાઢવા માગીએ તો તેમ કરી શકીએ છીએ. અન્યનાં ગુણ દોષ જોવા કરતાં પ્રેમથી પરસ્પરને જીતવા એ સારૂં છે. પ્રેમ આપણામાં વધવાથી આપણે સફળતા મેળવશું. તે પછીના આઠ વર્ષોમાં કલહે બીજ રોપેલું. હવે એ કલહને મીટાવવાની જરૂર સર્વને લાગી અને સર્વની સંભાવના એકતાની થતી જાય છે અને આપણામાં શાંતિ સ્થપાતી જાય છે, એ આનંદની વાત છે. નિરાશ થવાનું કારણ નથી. મારે પૂજ્ય મુનિઓને વિનંતી કરવાની કે જૈન જાતિનું કલ્યાણ અને ઉન્નતિ ઇચ્છતા હો તો કલ્યાણકાર્ય કરીને ઉઠજો!

જૈન પરિષદ પણ હવે જાગૃત થઇ છે. હેણે જૈન સમાજના સળગતા પ્રશ્નોનો તાત્કાલિક નિર્ણય કરવાનો છે. અને હેમાં આપ સર્વ અવશ્ય સહકાર આપીને સમાજની ઉન્નતિમાં સહાયક થશો. આ ઝગડાનો નિકાલ આવે તો જયંતિ જે ભિન્નતાથી આજે ઉજવાય છે તે આવતે વર્ષે એકતાથી ઉજવાય એમ હું માનું છું, તેથી સુંદર શરૂઆત થશે.

અત્યારે જૈન સમાજના બેકારીના અને અન્ય અટપટા પ્રશ્નોનું નિરાકરણ કરવાની જરૂર ઉભી થઇ છે. વકતાએ અંતે યુવાનોને ધીરજથી સંયમ કેળવવા અને મહાવીર પ્રભુના જીવનનું અનુકરણ કરવાની ભલામણ કરી હતી. ત્યારબાદ તેઓશ્રીને બહારગામ જવાનું હોવાથી ચાલી ગયા હતા અને રણછોડભાઇ રાયચંદ ઝવેરીના પ્રમુખપણા નીચે આગળ કામ ચલાવવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇએ જણાવ્યું કે મહાવીરના સિધ્ધાંતનું અનુકરણ કરવું જોઇએ. તેમણે અમૂલ્ય બોધપાઠ આપણને આપ્યો છે. એમણે માતાપિતા પ્રત્યેની પોતાની ફરજ બજાવ્યા પછીજ દીક્ષા લીધી. સંઘ વ્યવસ્થા ઉપર તેમણે બોલતાં જણાવ્યું કે જૈન શાસન જયવંતુ વર્તે છે તેનું મુખ્ય કારણ મહાવીર પ્રભુએ કરેલી સંઘ વ્યવસ્થાને લીધેજ છે. એ બંધારણને લીધેજ આપણે વિદ્યમાન છીએ. હજુ આપણે દશ લાખ રહ્યા છીએ અને તેમાંથીએ ઓછાં થતાં જઇએ છીએ. હજુ પણ સાવચેત નહિ રહીએ તો પરિણામ વિષમ છે, ભાવિ નિરાશામય છે. એકતાથી શાસન ચિરકાળ સુધી રહેશે. પણ તે માટે હાલની સ્થિતિથી એ નહિ ટકાવી શકાય. એ યુગમાં વેદ વાંચવાનો અધિકાર બ્રાહ્મણો સિવાય કોઇનેયે નહોતો. પણ આપણે ત્યાં તો દરેકે દરેક માનવ જૈન શાસનમાં સરખોજ ગણાય છે. મોક્ષનો અધિકાર સૌને સરખો છે. પણ તે માટે સંયમ જોઇએ. વ્યવસ્થાને અભાવેજ બૌધ્ધ ધર્મ હિંદમાંથી બહાર ગયો અને આપણે વ્યવસ્થાને લીધેજ હજુ સુધી ટકી રહ્યા છીએ. પણ શાસનમાં જે સડો કે અનિષ્ટ ઘુસી ગયાં હોય તેને સદંતર નિર્મૂળ કરીને જૈન શાસન જયવંતુ વર્તાવવું એ આપણી ફરજ છે.

ત્યારબાદ શ્રીયુત માવજી દામજી શાહે પોતાનો નિબંધ વાંચી સંભળાવ્યો હતો અને સમયાનુકૂળ વિવેચન કર્યું હતું. ત્યારબાદ પંડિત બહેચરલાલ ભાઇએ પણ સ્યાદ્વાદ ઉપર ખુબ લંબાણ વિવેચન કર્યું.

ત્યારપછી ચંદ્રકાન્ત સુતરીયાએ મહાવીરના જીવન ઉપર બોલતાં જણાવ્યું કે જ્યારે જ્યારે માનવ સમાજની અધોગતિ થાય છે ત્યારે ત્યારે જગતમાં કોઇ મહાન પુરૂષનું અવતરણ જરૂર થાય છે, ભગવાન મહાવીરના જન્મકાળમાં ખુબ યજ્ઞયાગાદિ ચાલતા હતા. હિંસાનું જોર પ્રસરી રહ્યું હતું અને ધર્મના નામે ખુબ ધતીંગો ચાલી રહ્યાં હતાં. આવી પરિસ્થિતિમાં મહાવીરનો જન્મ થયો હતો. તેમણે ધતીંગો સામે ખુબ પ્રચાર કર્યો હતો. અને ધર્માંધતાનો નાશ કર્યો હતો, હિંસાને નિર્મૂળ કરવાને માટે પ્રચંડ પુરૂષાર્થ કર્યો હતો. હરિભદ્રસૂરિ જેવા સમર્થ આચાર્ય કહે છે કે મને મહાવીરમાં પક્ષપાત નથી અને કપિલાદિ ઋષિ મહર્ષિઓમાં દ્વેષ નથી પરંતુ યુક્તિઓવાળું જેમનું વચન છે, તેજ ગ્રહણ કરવા યોગ્ય છે. પ્રભુ મહાવીરના શાસનમાં દરેક બાબતો યુક્તિથી સમજાવવામાં આવી છે. ત્યારબાદ રણછોડભાઇએ ઉપસંહાર કરતાં જણાવ્યું કે પ્રભુ મહાવીરના ગુણોનું આપણે અનુકરણ કરતાં શીખીએ તો આપણું કલ્યાણ થઇ જાય. ત્યારબાદ મોહનભાઇ ચોકસીએ પધારેલા સદ્‌ગૃહસ્થો, પ્રમુખ અને ગોડીજીના ટ્રસ્ટીઓનો આભાર માન્યો હતો અને મહાવીર પ્રભુના જયઘોષ વચ્ચે સભા વિસર્જન થઇ હતી.

# ભાવિક બનવાનો સ્હેલો ઉપાય.

મદારી ને જાદુગરની પ્રખ્યાતી લકડીના ખેલો તો તમે જોયા હશે; 'ફક્ત ૨૪ કલાકમાં' અદ્‌ભુત શક્તિ આપનારી દવાઓ વિષે તો તમે વાંચ્યું હશે, પણ હું તમને એથીયે વધુ સારા ને અજબ ઉપયોગી ઉપાયો બતાવું. ઉપાયો છે બહુ સહેલા અને કંઈ પણ ખર્ચ વિનાના; અને તમને ફાયદો પણ ઘણો થશે. 'સસ્તુ ભાડું..............................'

ઠીક ત્યારે; તમારે લોકોમાં નામના મેળવવી છે? આખી દુનિયા એકી અવાજે વખાણ કરે એવા થવું છે? આગેઓમાં તમે આદર્શ તરીકે પૂજાઓ એવો ઉપાય જાણવો છે? આગેઓ તો શું, બાળકો, વૃધ્ધો, જુવાનો—બધાય તમને માનની નજરે જુવે એમ કરવું છે? તો મારી સલાહ છે કે તમે 'ધાર્મિક બની જાઓ, તમે આજથીજ ભાવિક બનવાની શરૂઆત કરો. પણ તમે પૂછો છો એ તે કેમ બનાય; ધાર્મિક તે કાંઈ બનવા બનાતું હશે?—અરે, હા, ભાઇ, હા, બનવાજ બનાય છે. વેશનો ભરાય એટલા ધાર્મિક પુરૂષો એમ એક સહેલા નુસખાને લીધેજ બની ગયા છે; અને ધાર્મિક, ભાવિક, થયા પછી તો તમારી વાહ વાહનું તો પૂછવુંજ શું?

ત્યારે આજથીજ તમે દહેરે જવા માંડો; તમને મન નથી થતું એમ કહો છો? અરે મનની કયાં વાત છે? તમે જવા તો માંડો—બસ આઠેક વાગે જજો—જ્યારે લોકો આવ્યા હોય અને તમને બરાબર જોઇ શકે એમ હોય ત્યારે; અને જતી વખતે બને તો ઘરથી નાહી કરી, ઉઘાડું (કાણું કે ધોળું ગમે તે ધોળું હશે તો ઠીક પડશે) શરીર રાખી, એક લાલ, પીળું કે વાદળી રેશમી ધોતીયું પહેરજો, હાથમાં એક નાનકડી ચળકતી થાળી લેજો, એ પૈસાની અંદર ફુલ મૂકજો, એક નાની વાટકી, ધુપણું અંદર રાખજો, અને તમારા ઘરથી મંદીર સુધી મહાલતા મહાલતા મંદિરે જજો જો જો, કંઈ ભૂલ થાય નહિ, હસતાં પણ નહિ, ખુબ ગંભીર રહેજો. મનમાં હસવું હોય તો છૂટ છે. લોકો તમારી સામે જોઇ રહે પણ તમે તેમના તરફ ધ્યાન નથી આપતા એમજ લાગવા દેજો. મનમાં પૂજા કરવાનીજ ઇચ્છા નથી એમ કહો છો? અરે પણ ભલા આદમી, અહિં તો કંઇ ઇચ્છાની વાત નથી, તમારે સારા ધાર્મિક, ભાવિક કહેવડાવવાનો ઉપાય છે.

—અથવા તમારે એમ પૂજા કરવા ન જવું હોય તો બીજો ઉપાય છે. નવવાગે મંદિરમાં સૌથી વધુ લોકો ભરાય છે ને! બસ ત્યારે એ વખતે મંદિરે જજો! શરીરે થઇ શકે તેટલી જગ્યાએ મોટા કે નાના, ગમે તેવાં ચાલ્લાં કરી મંદિરનું કેશર વપરાય તેટલું વાપરજો. એનો અર્થ શો એમ પૂછો છો? અરે ભાઇ, એનો અર્થ જાણીને તમારે શી જરૂર છે? તમારે તો સારા ને ભાવિક કહેવડાવવું છે ને? ચાલ્લાં કરી મંદિરમાં પરમેશ્વરની મુખ્ય મૂર્તિની સામે બધા દેખી શકે એવી રીતે બેસજો. બને તો ઉંટની જેમ બેસજો એકાદ સ્તવનની ચોપડી સામે પડી હોય તે ઉઠાવજો અને બને તેટલાં મોટા, ખાગે—બુલંદ—અવાજે...............પુકારવા માંડજો. કેમ, શું છે?—તમારી સંગીતની ત્યાં પરીક્ષા થવાની નથી. ગધેડા જેવો સૂર કાઢીને પણ મોટે અવાજે સ્તવન પુકારવાજ કરજો. તમારે તો ભાવિક થવું છે ના! શું બોલ્યા, 'એ સ્તવનનો અર્થ સમજતા નથી, તેના જેવો ભાવ મનમાં સ્ફૂરતો નથી' અરે, ભલા આદમી તમારે ક્યાં અર્થ સમજવાની જરૂર છે? ભાવિક થવું હોય તો કંઈ અર્થ સમજવાની જરૂર નથી, તમે તમારે મેં કહ્યું એ પ્રમાણે કરો ને, તમારે તો ભાવિક થવું છે ને! આ પ્રમાણે રોજ મંદિરે જઇને સ્તવનો ગાવાની 'પ્રેકટીસ' પાડો. પછી જોઇ લ્યો. થોડાજ વખતમાં મંદિરે આવતી બીબીઓને લાગશે 'ઓ હો.........ભાઇ તો ખુબ ભાવિક છે' અને એમના મનમાં એમ લાગ્યું એટલે તો 'પઠીના છઠ્ઠા ભાગ'માં આ પ્રજાને જાહેર ખબરની જેમ વાપરેલેથી ખબર પહોંચી જશે કે '...................ભાઇ ભાવિક છે'.

> ## સ્પેશીયલ અંક.
>
> યુવક પરિષદ્ અને જૈન શ્વેતાંબર કોન્ફરન્સને માર્ગદર્શક થઇ પડે તેવા પ્રશ્નોની છણાવટ માટે આવતી તા. ૩૦-૪-૩૪ ના દિને 'તરૂણ જૈન' નો ખાસ દળદાર સંગ્રહવા લાયક સ્પેશીયલ અંક નિકળશે માટે સર્વે લેખકોને અને વિચારકોને પોતાના વિચારો લેખોદ્વારા મોકલવાનું આમંત્રણ કરીએ છીએ.
>
> એટલે તા. ૧૬-૪-૩૪ નો અમારો રાબેતા મુજબનો અંક બંધ રહેશે.
>
> —તંત્રી.

# ક્રાન્તિ કે શાન્તિ.

નવ યુવાનો અને યુવતીઓ! જગતમાં પ્રકાશ અને પ્રેરણા, ઉલ્લાસ અને આનંદ શક્તિ અને સાહસની તમે મૂર્તિઓ છો. તમારે તમારી એ શક્તિનું માપ કાઢી લેવાનું છે. દુનિયાને ફેરવી નાખવાનું, દેશને બદલાવી નાખવાનું, સમાજને પલટાવી નાખવાનું, કામ તમારેજ કરવાનું છે. તમારે શિરે એ ઇશ્વર નિર્મિત કાર્ય છે.

ક્રાંતિ એ જુવાનીનો જીવન મંત્ર છે. જીવનના સર્વ ક્ષેત્રે, ખોટાં રૂઢીઓને ખોટાં ભાવનાઓને, ખોટી સત્તાઓને, ખોટાં બંધનોને તોડવાનું કામ તમારે માથે મૂકાયું છે.

તમે કહેશો કે 'આ શાન્તિ ખોટી છે? ક્રાન્તિ, બળવો, ભયંકર છે; શાન્તિજ સારી છે.' હા, શાન્તિજ સારી છે. પણ જુઓછો ને કે આ શાન્તિ મડદાની શાન્તિ છે. નિર્જીવતાની શાન્તિ છે. નિદ્રાની ચેતની, કમજોરીની શાન્તિ છે? એ શાન્તિ આપણને નહિં જોઇએ. એના કરતાં વધુ વધુ ઉચ્ચ શાન્તિ, શક્તિ અને સામર્થ્યમાંથી પ્રકટતી શાન્તિ આપણને જોઇએ—અને એવી શાન્તિ લાવવા અર્થે આપણે અત્યારે ક્રાન્તિ કરવી પડશે. જીવનના સર્વ ક્ષેત્રે બળવો કરવો પડશે.

પણ એ બળવો હિંસક નહિં જોઇએ, હિંસક બળવો આપણને અને બીજાને પણ બનાવી દેશે. છતાંયે આપણે તો ક્રાન્તિજ કરવી છે. તેથી અહિંસક બળવો, અહિંસક ક્રાન્તિ, શાન્તિ ક્રાન્તિ એજ અત્યારના જુવાનોને હાથ રહેલો માર્ગ છે. જીવન ધર્મ છે

—દલપત કોઠારી.

# મ્હેં શું જોયું ?

(ગતાંકથી ચાલુ)

નથ્થુભાઇ સૂરિ.

બીજા દિવસે નિયત કરેલા સમયે મુનિઓનું એક પછી એક ધાડું આવવા લાગ્યું. આખોયે મંડપ ચીકાર ભરાઇ ગયો. શરૂઆત ચાલીશ લોગસ્સના કાઉસગ્ગથી થઇ. અડધો કલાક મૌનનો પસાર થયા પછી નાટકી એકટીંગમાં કવિકુલ કીરિટે પોતાનું પ્રાચીન પુરાણ શરૂ કર્યું અને જણાવ્યું કે આપણે કંઇ કાર્ય કરવું જોઇએ, લોકો વાટ જોઇ રહ્યા છે કે આ બાવાઓ શી વસ્તુ બહાર પાડે છે. ત્યારબાદ પંજાબી બુવાએ વિષય વિચારિણી સમિતિની ચર્ચા શરૂ કરી અને તે માટે નિર્ણય કરવાનું કહ્યું પણ વિષય વિચારિણી સમિતિ એટલે શું ? એમ કેટલાક સાધુઓ આપસ આપસમાં પૂછી રહ્યા હતા. જેમણે ઉપાશ્રયની ચાર દિવાલમાં રહીનેજ પાટ ઉપર પગ ઉપર પગ ચઢાવી પોથાના બેચાર પાના હાથમાં પકડી અગડંબગડં ચલાવી છ લખ્યે ? ના પોકારોજ સાંભળ્યા હોય ત્હેમને ઉપાશ્રયની બહાર શું બની રહ્યું છે ત્હેનો ખ્યાલ પણ ક્યાંથી આવે, સામુદાયિક કાર્ય કેમ થાય, બંધારણો કોને કહેવાય, એ ત્યારેજ સમજાય કે ઉપાશ્રયની બહાર શું બની રહ્યું છે. ત્હેનું જ્ઞાન હોય, પણ આ બાવાઓ અહંભાવ, શ્રાવકોની ખુશામત, પુસ્તકપાનાં અને ચેલા ઉપર હાથ ફેરવતાં નવરા પડે ત્યારે બહાર ડોકીયું કરેને ?

એક સાધુએ વિષય વિચારિણી સમિતિની વ્યાખ્યા કરી બતાવી અને કહ્યું કે કોંગ્રેસ, કોન્ફરન્સ અને તેવા બીજા બંધારણસરના અધિવેશન કે પરિષદો ભરાય છે, ત્હેમાં પ્રતિનિધિત્વ માંગવામાં આવે છે અને ત્હેમાંથી વિષય વિચારિણી સમિતિ નીમવામાં આવે છે વગેરે વિવેચનાત્મક દ્રષ્ટિએ કહી બતાવ્યું. પણ કેટલાક સાધુઓએ કહ્યું કે પ્રતિનિધિત્વ ને ફતિનિધિત્વ અમારે તો એવું કંઇ કરવું નથી, સીધે સીધું ચલાવોને ? અમારે તો દીક્ષાનો ઠરાવ પાસ થાય એટલે બસ. પણ આ શબ્દો તરફ કોઇનું લક્ષ્ય દોરાયું કે નહિ ત્હેની મ્હારા અવધિજ્ઞાનથી મ્હને માહિતી મળી શકી નહિ. એટલામાં એક સૂરિદેવને કંઇક વાછૂટ થઇ અને બાજુમાં કોઇ ટિખ્ખળી વ્યક્તિએ કહ્યું કે મહારાજ! વાલ વધારે પડ્યા કે શું ? પાંજરાપોળ બાજુમાંજ છે, એમ કહી હસવા માંડ્યું, પણ ત્યાં તો શોરબકોર થયો. ગમે તે કરો, આપણે તો કામ કરવું છે. શાસ્ત્રીય બાબતોનો નિર્ણય કરવો છે. અનિચ્છનીય વાતાવરણ દૂર કરવું છે, અને તે માટે ચાહે તે પધ્ધતિ લો. બડી બડી દાઢીવાળા સૂરિદેવો કંઇક કાનમાં ખુસપુસ કરવા લાગ્યા ને કવિકુલ કીરિટનો અવાજ સંભળાયો "જે કંઇ થાય એ બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણે થવું જોઇએ" પંજાબી બુવાને આ વાત ન રૂચી અને ત્હેમણે ચલાવ્યું કે વિષય વિચારિણી સમિતિ સિવાય ચાલી શકતું હશે ? એ નવી પધ્ધતિ છે માટે ત્હેનો સ્વીકાર ન કરવો એ ઠીક નથી. બધા બુવાઓ ટેબલ લઇને બેઠા છો એ પ્રાચીન પધ્ધતિ છે ? ત્યાં તો મંડપમાંના બધા બાવાઓને જર્મનીના જોધ્ધા માનનાર વિમલરંગે રંગ જમાવ્યો અને કહ્યું કે પ્રાચીન પધ્ધતિ શી હતી ? તે સમજાવો ! ત્હેનો જવાબ આપવાને કોઇ સમય ફાજલ પાડી શક્યું નહિ, અને થોડી ક્ષણો મૌનમાં પસાર થઇ, દરેક જણ આ ચર્ચામાં રસ લઇ રહ્યા હતા, એટલામાં છીંકણીનો સડાકો લેતા બડી દાઢીવાળે સૂરિસમ્રાટ બોલ્યા, હવે આ બધી માથાકૂટ જવા દો, પ્રાચીન પધ્ધતિ લો કે અર્વાચીન આપણે તો કામ કરવું છે એટલે કયા કયા વિષયો ચર્ચવા એ નક્કી કરો, ત્હેનો નિર્ણય નહિ. દરેક સમુદાય દીઠ બબ્બે પ્રતિનિધિ લો અને દરેકે એ વાત માન્ય રાખી, પ્રતિનિધિની ચૂંટણી થવા લાગી. એક ગુરૂના બે શિષ્યો હોય અને તેઓ જુદા હોય તો ત્હેમનું પણ પ્રતિનિધિત્વ સ્વીકારાયું. સાડા ત્રણસો સાધુઓમાં એંશી પ્રતિનિધિઓ બન્યા. આમ સમય પૂરો થયો અને પ્રતિનિધિત્વનો ગર્વ લેતાં સૌ વિખરાયા. આ વીસમી સદીમાં જીવતા સાધુ સંમેલનના બીજા દિવસની કારવાઇ ઉપર ગામમાં ખુબ ચર્ચા શરૂ થઇ, પ્રાચીન 'પધ્ધતિ પ્રમાણે થવું જોઇએ' એ શબ્દો ઉપર બધાને ગમ્મત થઇ અને વાત વાતમાં ત્હેનો ઉપયોગ કરવા લાગ્યા, ગઇ કાલે જેમ શાસ્ત્ર સંમત છે કે નહિં ? નો મેનીયા લાગ્યો હતો, ત્હેમ આજે પ્રાચીન પધ્ધતિનો યથેચ્છ ઉપયોગ થઇ રહ્યો હતો, કોઇએ કહ્યું કે નગરશેઠના ચોગાનમાં મુનિસંમેલન માટે જે મંડપ બંધાયો છે ત્હેમાં પ્રાચીન પધ્ધતિ પ્રમાણે બધું થયેલ છે? કોઇએ કહ્યું કે પૂછો કવિકુલ કીરિટને! કોઇ એક માણસનું ઘર પાડવાનું હતું, ત્હેણે બીજા કોઇને પૂછ્યું કે કઇ રીતે પાડવું ? ત્યારે પેલાએ કહ્યું કે બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણે થવું જોઇએ, કોઇ બે મિત્રોને એક માણસે જમવાનું આમંત્રણ આપ્યું, બન્ને મિત્રો એક સાથે બોલી ઉઠ્યા કે બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણે થવું જોઇએ, કોઇ માણસને ત્યાં લગ્ન હતાં, વરરાજાને પોંખવાની તૈયારી ચાલી રહી હતી, ત્યાં સાસુની કોઇ બ્હેનપણીએ કાનમાં ફૂંક મારી કે બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણે થવું જોઇએ, કહેવાની જરૂર નથી કે વરરાજાનું નાક એક ચોખા જેટલું લાંબું વધ્યું હતું. કોઇ મહારાજ સવારના તરપણી લઇને દૂધ વ્હોરવા નિકળ્યા, કોઇ ભાઇએ પ્રશ્ન કર્યો, મહારાજ ! આ બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણે થાય છે ? તમે જે તમારા પાત્રો ઉપર લાલ કાળા કે સફેદ રંગો ચઢાવો છો, એ બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણે છે ? તદ્દન નવાં સરખાં મલમલ ઉપર પાકો પીળો રંગ ચઢાવી ફરો છો, દશ દશ અને પંદર રૂપીઆની ફાઉન્ટીન પેન અને સ્વાન ઇન્ક વાપરો છો, એ બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણે થાય છે? મ્હોટાં મ્હોટાં વ્યાખ્યાનો છપાવી મોટા પ્રવચનકાર કહેવડાઓ છો, શું એ પ્રાચીન પધ્ધતિ અનુસાર છે ? જુદી જુદી જાતના ફોટાઓ પડાવો છો, તૈલ ચિત્ર દોરાવો છો અને મ્હોટા એન્લાર્જ કરાવો છો, એ બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણે છે? ગુરૂમંદિરોને નામે ગુરૂની અને તમારી પોતાની મૂર્તિઓનો ઓર્ડર આપો છો, આ બધું પ્રાચીન પદ્ધતિથી થાય છે? મચ્છરોના ત્રાસથી બચવા મચ્છરદાનીનો ઉપયોગ થાય છે એ અર્વાચીન પધ્ધતિ છે કે પ્રાચીન? શરીર સ્હેજ નરમ થતાં ડૉકટરોને ત્યાં વાણીયાઓને દોડાવવામાં આવે છે, આ બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણેજ થાય છે ને? પેલા ભાઇની આ બધા પ્રશ્નોની હારમાળા સાંભળી મ્હને થયું કે બધું પ્રાચીન પધ્ધતિ પ્રમાણે થવું જોઇએ? [અપૂર્ણ]

# વાર્તમાનિક.

## શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

**ચૌદમું અધિવેશનઃ**—મુંબઈ મુકામે મળનારા શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ચૌદમા અધિવેશનની સ્વાગત સમિતિની પ્રથમ સભા તા. ૨૨-૩-૩૪ ગુરૂવારે રાતના મું. ટા. ૭-૩૦ કલાકે કોન્ફરન્સ ઓફીસમાં મળી હતી જે વખતે શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆને પ્રમુખસ્થાન આપવામાં આવ્યું હતું. શરૂઆતમાં સ્વાગત સમિતિના પ્રમુખ ચુંટણી સંબંધે વિચારણા થતાં શ્રી લલ્લુભાઈ કરમચંદ દલાલે રા. રા. શેઠ અમૃતલાલ કાલીદાસને સ્વાગત પ્રમુખ ચુંટવા દરખાસ્ત રજુ કરી હતી જેને શેઠ ચીનુભાઈ લાલભાઈ સોલીસીટરનો ટેકો મળતાં શેઠ શ્રી અમૃતલાલ કાળીદાસને વિનંતિ કરતાં તેઓએ પ્રમુખસ્થાન લીધું હતું. પ્રમુખ શેઠ અમૃતલાલે યોગ્ય શબ્દોમાં આભાર પ્રદર્શિત કર્યા બાદ કોન્ફરન્સ મહાદેવીની ઉપયોગિતા વિષે સચોટ અસરકારક રીતે વિવેચન કરતાં જણાવ્યું હતું કે કોન્ફરન્સથીજ કોમમાં બળ આવી શકાશે, આપણા માટે નવીન યુગ ઉઘડવાનો છે. સૌએ સમાજની ઉન્નતિ માટે ઘણાજ ઉત્સાહથી કામ કરવાની જરૂર છે તેમ થશે તો કોન્ફરન્સ સફળ થશે આદિ વિવેચન થયા પછી અધિવેશનની વ્યવસ્થા અંગે મુખ્ય મંત્રીઓ, ઉપપ્રમુખો તથા જુદી જુદી કમીટીઓ નીચે મુજબ નીમવામાં આવી હતી. મુખ્ય મંત્રીઓની ચુંટણી માટે શ્રી સાકરચંદ મોતીલાલ મૂળજીના પરિચાલકતાની દરખાસ્તને ચીનુભાઈ લાલભાઈના ટેકો મળતાં શેઠ રણછોડભાઈ રાયચંદ ઝવેરી, શેઠ મોહનલાલ બી. ઝવેરી, શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ અને ડૉ. પુનશી હીરજી મૈશેરીની સર્વાનુમતે ચીફ સેક્રેટરીઓ તરીકે ચુંટણી થઈ હતી.

**ઉપપ્રમુખઃ**—શેઠ રવજી સોજપાળ, શેઠ મકનજી જે. મહેતા. શ્રી મોહનલાલ હેમચંદ ઝવેરી, શ્રી હેમચંદ મોહનલાલ ઝવેરી, શ્રી નાનજી લધાભાઈ, શ્રી ભાઈચંદ ચમનાજી, શ્રી મણીલાલ મોતીલાલ મૂળજી, શ્રી મેઘજી સોજપાળ, શ્રી લલ્લુભાઈ દીપચંદ ઝવેરી, શ્રી ગુલાબચંદ નગીનચંદ કપુરચંદ. શ્રી હીરાચંદ વસનજી, શ્રી શાંતિદાસ આશકરણ, શ્રી રતનચંદ ખીમચંદ મોતીશા, શ્રી કરમશી પાંચારીઆ, શ્રી પુરૂષોત્તમ સુરચંદ. શ્રી મૂળચંદ હજમલજી, શ્રી અચલદાસ ચમનાજી, શ્રી ફકીરચંદ કેશરીચંદ શરાફ અને ડો. ટી. એ. શાહ. બાદ ઉતારા ભોજન કમિટી ૧૨ સભ્યોની નીમવામાં આવી હતી જેના સેક્રેટરીઓ તરીકે શ્રી વીરચંદ કેશવભાઈ અને શ્રી ગુલાબચંદ વનાજી નીમવામાં આવ્યા હતા. મંડપ રિસેપ્શન કમિટી ૧૧ સભ્યોની નીમવામાં આવી તેના મંત્રીઓ મેસર્સ ડાહ્યાભાઈ સુરજમલ ઝવેરી અને શ્રી નરોત્તમ બી. શાહ નીમવામાં આવ્યા. ઠરાવ રેઝોલ્યુશન કમિટિ ૧૩ સભ્યોની નિમવામાં આવી તેના મંત્રીઓ મેસર્સ મોહનલાલ ફકીરચંદ દેસાઈ એડવોકેટ અને ચીનુભાઈ લાલભાઈ શેઠ સોલીસીટરની નિમણુંક કરવામાં આવી. મેડિકલ કમિટી ૬ સભ્યોની નિમવામાં આવી તેના મંત્રી ડૉ. ચીમનલાલ એન. શ્રોફની નિમણુંક કરી. પ્રચાર અને પ્રકાશન સમિતિ ૭ સભ્યોની નિમવામાં આવી અને તેના સેક્રેટરીઓ તરીકે શ્રી ઓધવજી ધનજી શાહ અને શ્રી સાકરચંદ માણેકચંદ ધડીઆળીની નિમણુંક કરી. બાદ ફંડ કમીટી નીમવામાં આવી હતી. તથા વોલંટિયર સ્વયંસેવકોની વ્યવસ્થા અંગેનું કામ શ્રી હિરાભાઈ રામચંદ મલબારી અને મણીલાલ જેમલભાઈને સોંપવામાં આવ્યું હતું. સ્વાગત સમિતિના સભ્યોની ફી બંધારણ અનુસાર છે તે મુજબ રાખવા ઠરાવ્યાબાદ અધિવેશનની ઓફિસ્યલ તારીખો તા. ૫-૬ અને ૭ મે ૧૯૩૪, પ્રથમ વૈશાખ વદ ૭, ૮ અને ૯, શનિ. રવિ અને સોમ નક્કી કરી. બાદ અધિવેશનના પ્રમુખ તરીકે અજીમગંજ નિવાસી સુપ્રસિદ્ધ શેઠ બાબુસાહેબ નિર્મળકુમારસિંહજી નવલખાની સર્વાનુમતે ચુંટણી કરવામાં આવી હતી. બાદ ખર્ચ આદિની મંજુરી ચીફ સેક્રેટરીઓને આપી આજની સભાના પ્રમુખ સાહેબનો આભાર માનવા શ્રી હિરાચંદ વસનજીએ દરખાસ્ત રજુ કરતાં તેને શ્રી વાડીલાલ સાંકળચંદ વોરાએ ટેકો આપ્યાબાદ આભારમાની સભા ઉત્સાહ વચ્ચે વિસર્જન થઈ હતી.

શ્રી૦ સેવકો,
રણછોડભાઈ રાયચંદ ઝવેરી,
મોહનલાલ ભગવાનદાસ ઝવેરી
મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
ડૉ. પુનશી હીરજી મૈશેરી
ચીફ સેક્રેટરીઓ સ્વાગત કમિટિ.

**શ્રી જૈન યુવક પરિષદ ભરવાનો નિર્ણયઃ**—તા. ૨૫-૩-૩૪ ના રોજ દિવસના ત્રણ વાગે ભાઈ ઉમેદચંદ દોલતચંદ બરોડીઆના પ્રમુખપણા નીચે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ઓફીસમાં એક મીટીંગ મળેલી અને સર્વાનુમતે ઠરાવ થયો કેઃ—"શ્રી જૈન યુવક મહામંડળ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સહકારથી અખિલ ભારત જૈન શ્વે. મૂ. પૂ. યુવક પરિષદ કોન્ફરન્સના અધિવેશનની આસપાસ ભરવી અને સ્વાગત સમિતિ ઉભી કરવા તેમજ પ્રાથમિક કામકાજ કરવા કામ ચલાઉ મંત્રીઓ તરીકે ભાઈ મણીલાલ એમ. શાહ અને ભાઈ અમીચંદ ખેમચંદ શાહની નીમણુંક કરવામાં આવી છે.

**ભાવનગરથી** શેઠ કુંવરજી મૂળચંદ લખી જણાવે છે કેઃ—"આપના તા. ૧૬-૩-૩૪ ના અંકમાં 'જ્ઞાતિમાંથી રાજીનામું' એ હેડીંગ નીચે ભાઈશ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ અત્રેની નાતને કરેલી અરજીની વિગત આપી છે. મજકુર અરજી મને મળેલી. મેં તે નાત રૂબરૂ મુકેલી પરંતુ અહિંની નાતમાં બે પક્ષ છે. મેં મારી નાતના સેક્રેટરી તરીકે નાત બોલાવેલી તે સામે સામા પક્ષ તરફથી વાંધો ઉઠતાં તે વાંધો નાત રૂબરૂ રજુ કરવામાં આવ્યો, જેથી મજકુર અરજીનું નિરાકરણ ન થતાં બન્ને પક્ષે પોતાના તરફથી મેમ્બરો મોકલવા અને એકઠા થવું એમ નિર્ણય થયો. દરમ્યાન મેં નાત સમક્ષ મારૂં સેક્રેટરી તરીકેનું રાજીનામું મુક્યું છે.

**શ્રી જૈન દવાખાનું પાયધુની, મુંબઈઃ**—આ દવાખાનાનો ગયા ફેબ્રુઆરી માસમાં ૧૪૩૪ દર્દીઓએ લાભ લીધો હતો, જેમાં ૫૩૦ પુરૂષ દર્દીઓ, ૪૬૯ સ્ત્રી દર્દીઓ અને ૪૩૫ બાળક દર્દીઓ હતા, દરરોજ દર્દીઓની સરેરાશ હાજરી '૫૨' થઈ હતી.




## વિ-ચા-ર સ-ર-ણી.

**સાચો સુધારો:**–ધર્માચાર્યો અને જુદી જુદી સંસ્થાઓ દૈવી ભાવનાને અનુસરે અને ગ્રંથો પણ એવીજ ભાવનાને પોષે એ સાધવામાં આપણે મદદ કરવી જોઈએ. દુરાચાર સામે તો ઝઝુમવુંજ જોઈએ. પરંતુ તેમ કરવાનો શ્રેષ્ઠ માર્ગ સદ્વર્તનને ઉત્તેજિત કરવાનો છે. મારા પાકટ અનુભવથી મને માલૂમ પડ્યું છે કે સત્યને શૃંખલાથી મુક્ત કરવું, સુષુપ્ત આત્માને જાગૃત કરવો અને શક્ય હોય તો લાક્ષણિક અર્થ બરોબર સમજી ખોટા અર્થ પાછળ રહેલા સત્યાર્થને શોધી કઢાવવો, એ સુધારા સાધવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

**સદ્ધર્મની કેળવણીની આવશ્યકતા:**– જેમના હાથમાં મનુષ્યોના આત્મા સોંપાય છે. તેઓ જેઓ મનુષ્ય શરીર સંભાળનારા છે તેમના જેવીજ કેળવણી લે એવા પ્રબંધ માટે આગ્રહ કરવાનો સમય આવી પહોંચ્યો છે. ઉપદેશકોને કોણ ઉપદેશ દેશે? સાચી માનવતાનું સમર્થન કરવાનો અને ધાર્મિક સ્થળોમાં તથા ધર્મનું શિક્ષણ આપતી સંસ્થાઓમાં વધુ સારા પ્રકારની ઈશ્વર વિદ્યા અને નીતિ શાસ્ત્રની સ્થાપના કરવાનો આપણે સંસારીઓ માટે સમય આવી પણ કેમ ન પહોંચ્યો હોય? શું શાળાઓએ આવા ધર્મજ્ઞાનનું કેંદ્ર ન બનવું જોઈએ ?

**હિન્દુત્વની પુનરૂક્તિ:**–શું હિન્દુત્વની પુનરૂક્તિનો સમય આવી પહોંચ્યો છે ? "કૃશ મનુષ્યને પોષવો પરંતુ માતેલા સાંઢને નહિ. પોતાને માટે શારીરિક અને માનસિક દૃષ્ટિએ યોગ્ય હોય એવા પુરૂષ સાથેજ સ્ત્રીના લગ્ન કરવાં એ જીવન શ્રેયસ્કર છે અનિષ્ટગત નહિ, યુવાનો તથા યુવતીઓને દાંપત્યશૈલ્ય શાસ્ત્ર અને નીતિના પાઠો શીખવવા, મહાન જીવન વૃક્ષના મૂળ સમા સ્ત્રી તથા બાળકોને માનસિક તથા નૈતિક વિકાસ માટે વધુ તક આપવી. દરેક સ્ત્રી કે પુરૂષ ધ્યેયનું સાધન નહિ પણ ધ્યેયજ છે એ સિધ્ધાંતનું સમર્થન કરવું" આ બધા આદર્શો હજી પણ અપ્રાપ્ય રહ્યા છે. તેમનો આદર્શો તરીકે પણ હજી સ્વીકાર થયો નથી.

**માનવ સુષુપ્તતા:**– માનવ સુષુપ્તતા ભયંકર છે અને માનવીઓનું ડોહ્ડાપણ ઘણીવાર મૂર્ખતાભર્યું અને ક્રૂર થઈ પડે છે. "સ્વાતંત્ર્યની ભૂમિ એથેન્સે પોતાના મહાનમાં મહાન પુત્રના રક્તથી પોતાનાં હાથ રંગ્યા, પયગંબરોની ભૂમી ઈઝરાયલે કેટલાયે પયગંબરોના ખુન વહેવડાવ્યાં" ઈઝરાયલના મહાન પુત્ર કહી ગયા છે કે, "તમારા વડીલોએ પયગંબરોનાં પ્રાણ લીધા છે અને તમો તેમનાં સ્મારક બાંધો છો." પોતે જ્યારે 'ઝૈ' માં જાય છે ત્યારે પોતે વાનરને ટોપી ઉતારી માન અર્પે છે અને મનુષ્યો માટે ક્ષમા ચાહે છે એવા બર્નાર્ડ શોનાં કથન સાથે પણ સહાનુભૂતિ દર્શાવ્યા વગર રહેવાતું નથી.

**યુરોપ, ચીન અને ભારતના સત્યના શહીદો:**– સોક્રેટીસથી જોર્ડનોબ્રુનો અને હસ્ત અને ગેલીલીઓ અને જોન ઓફ આર્ક, સદ્વર્તન અને સત્ય ખાતર આપત્તિ વ્હોરી લેનારાઓનું શું ભવ્ય સરઘસ ? આ બધા સત્યને માટે શહીદ બન્યાં છે, ન્યાત બહાર, પંક્તી બહાર કે દેશપાર થએલાઓ તો અસંખ્ય છે. સહિષ્ણુ અને આતિથ્ય પ્રેમી ચીનની ભૂમિ જ્યાં તર્કવાદને વધુ પડતી અગત્યતા આપવામાં આવે છે ત્યાં પણ પ્રથમ સમ્રાટ જેવા મહાન રાજકર્તાઓ ચાંગઆન શીન જેવા મહાન મુત્સદ્દીઓ તથા લીપો અને સુતફુંગપો જેવા મહાન કવીઓને અપમાનિત કરવામાં આવ્યા હતા. અને તેમને દેશવટો પણ સ્હેવો પડ્યો હતો. આપણા ધીર અને નમ્ર રાષ્ટ્રને પણ દંતકથામાંના હરિશ્ચંદ્ર અને પ્રહલાદ, ઈતિહાસમાંના નરસિંહ મહેતાઓ, તુકારામો, કબીરો અને પંડુરીઓ માટે પણ આવીજ કથા કહેવાની છે ને ? આ સર્વેએ સત્યને ખાતર ઘણું સહન કર્યું હતું.

**પત્રકારિત્વ:**–દૈનિક પત્રો ઉપરાંત બીજું કશું ન વાંચનાર પુરૂષો, સ્ત્રીઓ, અને બાળકોમાં છાપ પાડી શકાય એવાં મતો પર દિન પ્રતિદિન સમૂહ–સૂચનનું પ્રાબલ્ય એ શું શુભ કે અનિષ્ટ માટે અમાપ શક્તિ નથી ? કોહેલું માંસ શોધનાર કાગડાની વૃત્તિવાળો પત્રકાર હોય તો તે આખા રાષ્ટ્રમાં ઝેર પ્રસારી શકે છે. જો તે કુલીનતા અને સુંદરતાને વરેલો હોય તો તે જ્યોતિર્વાહક થઈ પડે છે. જો આપણે દિનપ્રતિદિન જે કંઈ વાંચીએ તેમાં શ્રેયની શોધ અને અનિષ્ટનો ત્યાગ કરીએ તોજ તેમને આપણે વિજયી બનાવી શકીએ. હું અંત સાફ સાફ શબ્દોમાં મારે જે કહેવાનું છે તે કહી નાખીશ. આપણે હલકાં વર્તમાન પત્રોનો બહિષ્કાર કરવો જોઈએ પોતાનાં કુટુંબીઓનાં ભાણામાંજ દરરોજ ઝેર કોણ પીરસશે ? જો અસત્ય સામે સત્યની, સંગ્રામ સામે શાન્તિની, અન્યાય સામે ન્યાયની, વિગ્રહ સામે પ્રેમની, બેદરકારી સામે સાધુપણાની આ મહાન જેહાદ જીતવી હોય તો એ જેહાદને ટેકો આપનાર વર્તમાન પત્રો આપણને આવશ્યક છે, નહિં તો મનુષ્ય પોતાનો ધ્વંશ કરશે અને આટલા શ્રમે આપણે મેળવેલી સિદ્ધિઓ હતી ન હતી થઈ જશે.

× × × ×

આપણે પૂર્વ અને પશ્ચિમમાંથી જેટલું શિક્ષણ મળી શકીએ, તેટલું શિક્ષણ ગ્રહણ કરવું જોઈએ. અતડાપણું આફત પ્રાપ્ત ઉત્પન્ન કરે છે.

**ગેરવ્યાજબી પ્રતિબંધો:**–ગેરવ્યાજબી પ્રતિબંધોએ આપણને કેટલું નુકશાન કર્યું છે ? મુખ્યત્વે આપણી સ્ત્રીઓ સાચી કેળવણીથી વંચિત રહેલી હોવાને લઈને કેટલાં જખ્ખમ થઈ ગયા છે ? આપણે તેમનામાં વ્હેમ પોષીએ છીએ અને અજ્ઞાનનાં બી રોપીએ છીએ. પરંતુ તેઓ પણ હવે સ્વતંત્ર વિચાર કરતી થઈ છે.

* * * *

જ્યારે મનુષ્યો ગંભીર પ્રશ્નો વિચારવાની હિંમત કરે છે અને સત્ય ગમે તે માર્ગે લઈ જાય તો પણ ત્હેને અનુસરે છે ત્યારે તેઓ ઈતિહાસ સર્જે છે. નવીન તેમજ ચેતનાત્મક તત્ત્વોને મુક્ત કરે છે. એક મહાન ચિંતકે કહ્યું છે તેમ 'તમારે સત્ય જાણવું જોઈએ, તેજ તમને મુક્ત કરશે.'

—સર સયાજીરાવ.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ શ્રી હબારી પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી શ્રી જૈન યુવક સોસાયટી માટે ન્યુ રેશમ બજાર, સેન્ડર્સ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪, મુંબઈ નં. ૨, તરુણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.



આગામી પરિષદના [illegible].



[illegible]



[illegible] પ્રમુખ.



[illegible] પ્રમુખ.



[illegible] પ્રમુખ.

# અનુક્રમણિકા


| | વિષય. | લેખકનું નામ. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ | છેલ્લું સ્વપ્નું. ... | ... | ૫૭ |
| ૨ | આગામી પરિષદ | શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ | ૫૮ |
| ૩ | યુવક બંધુ | શ્રી મણીલાલ એમ. શાહ | ,, |
| ૪ | જનતાનું કર્તવ્ય અને જૈન કોન્ફરન્સ | શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીયા સોલીસીટર | ૫૯ |
| ૫ | આગામી પરિષદના અભિનેતાઓ. | ... | ૬૦ |
| ૬ | યુવકોને | શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ.એલ. બી. એડવોકેટ તંત્રી (જૈન યુગ) | ૬૧ |
| ૭ | આજનો જાગ્રાખોર યુવક | શ્રી વીરચંદ મેઘાપચંદ બેરીસ્ટર બી. એ બાર-એટ-લો. | ૬૩ |
| ૮ | સમાજની આધુનિક સમસ્યા | તંત્રી. | ૬૫ |
| ૯ | ઊંડુ પાણી | શ્રી લાલચંદ જયચંદ વોરા | ૬૯ |
| ૧૦ | ક્રાન્તિની સફળતાનાં સૂત્રો | શ્રી ન્યાયવિજયજી | ૭૦ |
| ૧૧ | જલસો ખતમ | શ્રી તારાચંદ કોઠારી તંત્રી 'પ્રબુધ્ધ'–પાલનપુર | ૭૩ |
| ૧૨ | યૌવન અને વિકટ પ્રશ્નો | શ્રી ડાહ્યાલાલ વેલચંદ મહેતા | ૭૪ |
| ૧૩ | આવતી યુવક પરિષદ | શ્રી જયન્તિલાલ ડી. શાહ | ૭૫ |
| ૧૪ | સંયુક્ત જૈન મહાસંઘ | શ્રી મણીલાલ મોહનલાલ ઝવેરી | ૭૭ |
| ૧૫ | યુવક માનસની આદર્શ પ્રતિમા | શ્રી મનસુખલાલ હિરાલાલ લાલન | ૭૮ |
| ૧૬ | સિંધુ પ્રદેશમાં જૈન ધર્મ | શ્રી નાથાલાલ છગનલાલ શાહ | ૮૦ |
| ૧૭ | બંધારણની નૂતન યોજના | શ્રી અમીચંદ ખેમચંદ શાહ | ૮૧ |
| ૧૮ | નવશેખીયા જૈન યુવાનોને | શ્રી રતીલાલ બી. શાહ | ૮૫ |
| ૧૯ | મુંબઇમાં ભરાતી કોન્ફરન્સ કિં કંઇક | શ્રી ભોગીલાલ એમ. પેથાપુરી | ૮૬ |
| ૨૦ | મહાશક્તિ પ્રગટ કરો | શ્રી ધીરજલાલ ટોકરશી શાહ તંત્રી 'જૈન જ્યોતિ' | ૮૭ |
| ૨૧ | વર્તમાન જોમ | શ્રી વિનયકાન્ત ગાંધી | ૮૯ |
| ૨૨ | સુધારણા માટે ક્ષેત્ર વિશાળ છે | શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી | ૯૨ |
| ૨૩ | પરિષદનો પડકાર | શ્રી ભાઇલાલ બાવીશી તંત્રી 'તણખા' | ૯૩ |
| ૨૪ | જિન મંદિર વિરુધ્ધ ગુરૂમંદિર | શ્રી વલ્લભદાસ ફુલચંદ મહેતા | ૯૫ |
| ૨૫ | આવતી કાલના વિધાયકોને... | શ્રી નાનુભાઇ મોતીલાલ | ૯૭ |
| ૨૬ | કોણ જીતશે ? આવતી કાલના સર્જકો... | કનૈયાલાલ | ૯૮ |


## સુધારીને વાંચવું.

૧. ૬૫ મા પેજ ઉપર 'સમાજની આધુનિક સમસ્યા' એમ વાંચવું.

૨. ૬૯ મા પેજ ના અનુસંધાનમાં ૭૨ મું પેજ વાંચવું

૩. ૭૫ મા પેજ ઉપર આવતી યુવક પરિષદ એમ વાંચવું

## ચિત્ર પરિચય.

ટાઇટલ પેજ ઉપરનો જે બ્લોક આપેલ છે તેમાં નવ સૃષ્ટિનો સરજનહાર યુવાન તમામ જુનવાણી સ્વરૂપોનો નાશ કરી તેને અતીતની નજરે જોઇ રહે છે. અને પોતાના સાથીઓને પડકારે છે. કોન્ફરન્સના બન્ને પ્રમુખોના ફોટાઓ કોન્ફરન્સ ઓફીસના સૌજન્યથી અમને મળ્યા છે.


**તમે પર્યુષણપર્વ આધુનિક દૃષ્ટિએ ઉજવવા માંગો છો ?**

તમે પંડિત સુખલાલજી ને ઓળખો છો ?

તેમના નેતૃત્વમાં 'પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો' (વર્ષ ત્રીજું) તૈયાર થયેલ છે, જેમાં તદ્દન નવીનજ વ્યાખ્યાનમાળા આપવામાં આવેલ છે.

| | |
|---|---|
| ધર્મ અને સમાજ ... | પં. સુખલાલજી. |
| શાસ્ત્ર અને શસ્ત્ર વચ્ચે ફેરશે ... | ,, |
| આસ્તિક અને નાસ્તિક શબ્દની મીમાંસા.... | ,, |
| સર્વ ધર્મનાં મૂળ સિધ્ધાંતો ... | સૌ. લેખીબ્હેન કાપડીઆ |
| અધ્યાત્મ... | શ્રી મોહનલાલ ભગવાનદાસ સોલીસીટર. |
| ધર્મનો મર્મ ... | ડૉ૦ આણંદજીવનદાસ મહેતા |
| જૈન ધર્મની વિશાળતા ... | શ્રી ઉમેદચંદ બરોડીયા. |
| જૈન ધર્મનાં પરિવર્તનો અને તેનાં પરિણામો ... | શ્રીમોહનલાલ દલીચંદ દેસાઇ |
| અસ્પૃશ્યો અને જૈન સંસ્કૃતિ ... | પં. સુખલાલજી. |
| અસ્પૃશ્યો અને હારજીત ,, | |
| ધર્મોમાં ભિન્નતા ... | પં. દરબારી લાલજી |
| જૈન ધર્મ ઉપર અન્ય ધર્મનો પ્રભાવ | પં. નાથુરામજી |
| જૈનધર્મકી કુંજી કિસકે હાથમેં હૈ | બાબુ સુરજ ભાનુ વકીલ |

કિંમત આઠ આના ૦—૮—૦

મળવાનું ઠેકાણું:—
શ્રી મુંબઇ જૈન યુવકસંઘ
... ધનજી સ્ટ્રીટ,
મુંબઇ, ૩.

ખાસ વધારો.

Reg. No. B. 3220.




સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

છુટક નકલ ૦ાા આનો ] શ્રી જૈન યુથ સીંડીકેટ (તરુણ જૈન સમિતિ)નું મુખપત્ર તંત્રી:—ચંદ્રકાન્ત વી. સુતરીયા. [ શુક્રવાર તા. ૧૩-૪-૩૪

# શ્રી જૈન શ્વે મૂ૦ યુવક પરિષદ.

## યુવાનોને પડકાર.

બંધુઓ! આપણા સમાજની હાલત આજે બહુજ કંગાળ બની ગઇ છે. જગતના બીજા સમાજો જ્યારે પ્રગતિ તરફ કુચ કરી રહ્યા છે, ત્યારે આપણે પાછળ હઠી રહ્યા છીએ એ બાબત વિચારણા માગે છે. આપણે જગતની ઝડપી કુચકદમ જોડે સાથ આપવો જોઇએ. વિચારભેદ તો હંમેશાં માનવ માત્રમાં રહે છે. પણ વિરૂપતા ન જોઇએ. વિરૂપતાને અંગે અનેક સામાજિક પ્રશ્નો ઉગ્રસ્વરૂપ પકડતા જાય છે. એ પ્રશ્નોની જોડે આપણો જીવન મરણનો સવાલ છે. એટલે તેનો કોઇ પણ રીતે નિકાલ લાવવોજ પડશે.

જીવનમાં ચેતન પ્રેરનાર, તનમનાટ અને ઉલ્લાસનાં પૂર ફરી વળે તેવો સમય વારંવાર પ્રાપ્ત થતો નથી. વસંતકાળ વર્ષમાં એકજ વખત આવે છે. એ વસંત જેમ પ્રાણીઓમાં જીવનતાઝગી બક્ષે છે તેમ કોન્ફરન્સોના અધિવેશનો કે યુવક પરિષદ યુવાનોને વસંત સમા માનવાં જોઇએ. અને તેમાંથી પ્રેરણા મેળવી કર્મયોગી બનવું જોઇએ.

આજની નિષ્ક્રિયતા આપણે માટે આપઘાતક નિવડશે. જગતના પ્રગતિશીલ આંદોલનોની તાઝગી ભરી હવામાં આપણે ચુપ બેસી શકીએ એ અસંભવ છે.

શા માટે આપણે સામાજિક પ્રશ્નો તરફ મૌન રહેવું જોઇએ?

આજની આપણી પરિસ્થિતિ બહુજ વિકટ છે. આંતરકલહો અને નિરર્થક ચર્ચાઓમાં આપણી શક્તિ વેરણ છેરણ બની ગઇ છે. રૂઢિઓ અને હાનિકારક રિવાજોથી સમાજનું નૂર હણાઇ રહ્યું છે, પ્રતિદિન હસ્તમેથીના પ્રભાવે આજની કાલના નાગરિકોના જીવન શુષ્ક બની રહ્યાં છે. બેકારી અને ભુખમરો પોતાનો ભયંકર પંજો સમાજ ઉપર પ્રસારી રહ્યો છે. વિધવાઓનો આર્તનાદ વિઘાતક બળો સાથે અથડાઇ રહ્યા છે. અને ચોતરફ કેમ જાણે કયામતના દિવસો નજીક ન આવી રહ્યા હોય તેમ વાતાવરણ ગમગીન બની રહ્યું છે. આવી પરિસ્થિતિમાં જીવનને આગળ ધપાવવું શક્ય છે?

જ્યાં જ્યાં યુવાનોનું અસ્તિત્વ હોય, જ્યાં જ્યાં નવજોશીલા યુવાનોનાં જુથ હોય અને જ્યાં જ્યાં નવસર્જનનાં સ્વપ્નાં સેવાતાં હોય ત્યાં ત્યાં આવી પરિસ્થિતિ જરાયે ન ચાલી શકે!

આજનો સમાજ જર્જરિત બની ગયો છે, યુગબળના પડઘાથી તેનું બંધારણ ખખડી પડ્યું છે, તેને પુનર્જીવન આપવાનું, તેને નવેસરથી રચવાનું કાર્ય યુવકોને ફાળે જાય છે. અને યુવકોની એ ફરજ થઇ પડે છે.

જગત્ ભરમાં આજે ક્રાન્તિની ભાગો પ્રસરાઇ રહી છે. પુરાણવાદના ફુરચા ઉડાવી તેને સ્થાને યુગાનુરૂપ વિચારણાને સ્થાન અપાઇ રહ્યું છે, જીવનના પ્રત્યેક ક્ષેત્રોમાં તે વ્યાપક બની રહી છે. તેમાંથી પ્રેરણા મેળવવા આપણે કટિબધ્ધ થવાની અત્યંત આવશ્યકતા છે.

આપણે આ યુગમાં જો જીવવા માંગતા હોઇએ તો જે રીતે આજ સુધી જીવ્યા છીએ તે રીતે નહિ જીવી શકીએ. આપણું જીવન યુગાનુરૂપ બનાવવુંજ પડશે. આપણા જીવનના પ્રત્યેક અંગો સુદૃઢ બનાવવાં પડશે. આજની માયકાંગલી વૃત્તિને દૂર કરી ઉદાર અને કર્તવ્યની કૌરભરી વૃત્તિ કેળવવી પડશે. સંકુચિતતા અને કુલીનતાના ભેદભાવ ખડા કરનારી દિવાલોને તોડી સમાનતાના પાઠો ભણવા પડશે. બીજા સમાજો જોડે સહકાર અને સહનશીલતાની ભાવના કેળવવી પડશે.

ઉપરોક્ત બધી બાબતો વિચારવા માટે મુંબઇની આંગણે જૈન શ્વે. મૂ. યુવક પરિષદ મેળો પહેલા અઠવાડીયામાં ભરાઇ રહી છે. તેમાં નૂતન આંદોલનને ઝીલનારા, પ્રગતિબળો પીછાણનારા અને નવસર્જન કરવાનાં સ્વપ્નાં સેવનારા જુવાનો એકત્ર થશે. એ પ્રસંગનો લાભ લેવાનું સમાજના પ્રત્યેક જુવાનોનું કર્તવ્ય થઇ પડે છે, તેને સફળ બનાવવાની જૈન યુવાનો ઉપર ફરજ આવી પડે છે. એ ફરજને અદા કરવા કોઇ પણ યુવાન પાછો નહિ હઠે. એ આશા વધારે પડતી નથી.

ચંદ્રકાન્ત વી. સુતરીયા.
મંત્રી-પ્રચાર સમિતિ.

# સમાજની પરિસ્થિતિ.

## યુવાનોને પડકાર.

તા. ૧૩-૪-૩૪.

વર્ત્તમાનયુગ તે વિજ્ઞાનનો યુગ છે, વિજ્ઞાનયુગનો જમાનો તે આદર્શ યુવકોને પ્રેરણા સિંચનનો કાળ છે, અત્યારે જગતભરના દરેક ધર્મો, દરેક સમાજો ડુદકે-ભુસકે કદમભર કદમ આગે વધી રહેલ છે, ત્યારે આપણો એક વખતનો આદર્શ જૈન સમાજ દરકદમ પીછે હઠ કરી રહેલ છે, પૂર્વકાળમાં જૈન ધર્મ, જૈન સમાજ ઉન્નતિના શિખરે પહોંચ્યો હતો, અત્યારે તેજ ધર્મ, તેજ સમાજ ઉંડી ગર્ત્તામાં જઇ પડયો છે, પ્રત્યેક સમાજમાં દર વર્ષે સંખ્યાબંધ માણસોનો વધારો થાય છે, ત્યારે આપણી સમાજમાં પ્રતિ વર્ષે આઠ હજારનો ઘટાડો થાય છે, આનું કારણ શું ! સમાજમાં નેતાનો મોભો ધરાવતી કોઇ પણ વ્યક્તિએ તે કારણ તપાસવા સરખો પણ વિચાર કર્યો છે ! શા માટે કરવો જોઇએ ! સમાજની અત્યારે શું સ્થિતિ થઇ રહી છે ! બાદશાહ અકબરના સમયમાં એટલે સતરમી સદીમાં ચાલીસ લાખ જૈનોની સંખ્યા હતી, જ્યારે વીસમી સદીમાં એટલે માત્ર ત્રણજ સદીમાં બાર લાખના આંકડા (તે પણ પૂરાં નહિ) ઉપર આવી રહી છે, છતાં સમાજ નેતાઓની નિંદ્રા કેમ નહિ ઉડતી હોય ! અત્યારે કોઇને આ સ્થિતિ સંબંધી પૂછવામાં આવે તો એકજ ઉત્તર મળશે કે એ તો પાંચમાં આરાનો પ્રભાવ છે, પાંચમો આરો માત્ર જૈન સમાજને જ નડે છે ! બીજી સમાજો માટે નથી ? કોઇ બુધ્ધિશાળી પુરૂષ દીર્ઘવિચારણા કરશે તો સ્હેજે જણાઇ આવશે કે આ બધાના નાશનું કારણ સમાજને મુંઝાવી રહેલા અનેક પ્રશ્નો જ છે. સમાજમાં બેકારીનો વાયરો વાયરલેસની ગતિએ પૂર જોસમાં ચાલી રહ્યો છે, જેના પરિણામે જૈન સમાજના કેટલાંય ભાઇ-બ્હેનોને આજીવિકાનાં સાંસાં પડે છે, કેટલાય બચ્ચાંઓને અભ્યાસ માટે સાહિત્યના અભાવે (અભણ રહી) મૂર્ખતામાં જીવન વ્યતીત કરવું પડે છે, કેટલીય બ્હેનોને આજીવિકાના અભાવે મજુરી કરવાં છતાં પેટ પૂરતું અનાજ પણ મળતું નથી, જેથી છેવટે રીબાઇ રીબાઇ પરધર્મમાં ચાલી જાય છે, ચાલી જાય છે એટલુંજ નહિ, પણ પોતાના જૈનપણાના સંસ્કારોને તદ્દન ત્યજી દે છે અને જૈન ધર્મની પૂર્ણ નિંદક બની જાય છે; આવા કટોકટીના સમયે મુંબઇના આંગણે જૈન યુવક પરિષદ ભરવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહેલ છે, તે વખતે યુવકોનું પરમ કર્ત્તવ્ય એ છે કે સમાજને કયા પ્રશ્નો મુંઝવી રહ્યા છે ! સમાજને અત્યારે શાની જરૂર છે ? બેકારી, વેરભાવ, ઇર્ષા, કુસંપ ઇત્યાદિની અટકાયતને માટે શું કરવું જોઇએ ? બ્હેનો (સધવા હો કે વિધવા હો) જે અન્ન-વસ્ત્ર વિના ટળવળી રહેલ છે, દિનપ્રતિદિન પરસમાજમાં ચાલી જાય છે તેને અટકાવવા માટે શું કરવું જોઇએ ! આવાં આવાં અનેક પ્રશ્નો દ્રષ્ટિ સમીપ આવીને ઉભાં છે તેનો નિકાલ લાવવા શું કરવું જોઇએ ! યુવકો ચૈતન્યમૂર્તિ ગણાય છે પણ તે દુધનાં ઉભરા જેવી તો નજ હોવી જોઇએ, સમાજના નેતા તરીકે ગણાતા વૃધ્ધોની શરમમાં દબાવાનો સમય હવે રહ્યો નથી. તેઓને તો હવે સ્પષ્ટ શબ્દોમાં જણાવી આપવું જોઇએ કે તમારી જોહુકમીએ, તમારી આપખુદ સત્તાએ સમાજનું સત્યાનાશવાળી નાંખ્યું છે, હવે તમારા તે દિવસો વહી ગયા છે, અમારી શક્તિનો ઉપયોગ અમારી સમાજની પુનરરચનામાં કરીશું અને સમાજનું નવસર્જન પૂર્વવત્ બનાવીશું.

દરેક દેશના યુવાનોને મારી નમ્ર વિનંતિ છે કે સમાજના સળગતા પ્રશ્નોનો નિકાલ લાવવા માટે મુંબઇના આંગણે ભરાતી "જૈન યુવક પરિષદ" માં ભાગ લેવા સંખ્યાબંધ યુવાનો ઉતરી પડો. અને પરિષદમાં તમારો અવાજ ઉઠાવો ! પરિષદદ્વારા મુંઝવતા પ્રશ્નોનો નિકાલ માગો. યુવક બંધુઓ ! નવસર્જન તમારા હાથમાંજ છે.

---

**અનુકરણીયદાનઃ**—મંચેર (પુના) નિવાસી શ્રી આનંદરામજી માનમલજીની સુપુત્રીના તા. ૧૧-૩-૩૪ ના થયેલ વિવાહની ખુશાલીમાં ઉપરોક્ત બંધુએ લગભગ દરેક જૈન પત્ર તેમજ એકાદ બે બીજા પત્રો ઉપર પાંચ પાંચ રૂપીઆની બેટ મોકલી છે. જો આ દાન પેપરો તરફ સહાનુભૂતિ તરીકે મોકલ્યા હોય તો એ દાન અનુકરણીય છે. આજે પત્રો કઇ રીતે જનતાને નિયમિત મળી શકે છે એ ત્હેના વ્યવસ્થાપકો અને માલિકોને જ ખબર પડે છે. જૈન પેપરોની જે સ્થિતિ છે, એ સ્થિતિ અસહ્ય છે. આપણે ત્યાં જે મફતીઆ વાંચનનો શોખ છે ત્હેનોજ એ પ્રતાપ છે. પેપરોને જો જીવાડવા હોય તો જનતાને કંઇક આવા દાનની પ્રથા પાડવીજ પડશે.

---

**પં. ધર્મવિજયજીનો સ્વર્ગવાસઃ**—હેલાના ઉપાશ્રયવાળા પં. શ્રી ધર્મવિજયજી મહારાજ કે જેઓ અમદાવાદ મુનિ સંમેલનમાં ભાગ લેવા પધાર્યા હતા, તેઓશ્રીનું તા. ૬-૪-૩૪ના દિને સવારમાં અવસાન થયું છે. તેઓશ્રી ચારિત્રશીલ, વિદ્વાન અને મિલનસાર સ્વભાવના હતા. અમે ઇચ્છીએ છીએ કે તેઓશ્રીના આત્માને શાંતિ મળો !

# સાધુ સંમેલનના ઠરાવો.

## શું તે અનિચ્છનીય વાતાવરણ દૂર કરશે કે ?

દિવસો થયા જે સંમેલનના સમાચાર ઠરાવો સાંભળવા તાલાવેલી લાગી રહી હતી, જે ઠરાવોના પ્રભાવથી અનિચ્છનીય વાતાવરણ દૂર થવાની આશાઓ સેવાઇ રહી હતી, એ ઠરાવો આખરે શ્રી નગરશેઠના નેતૃત્વ નીચે સમાચાર પ્રગટ થઇ ચુકયા છે. એ ઠરાવો અને તેની પાછળનો અર્થ વિચારતાં અમને જણાય છે કે આ ઠરાવોથી અનિચ્છનીય વાતાવરણ દૂર થવું શકય નથી, ખાસ કરીને સમાજમાં અયોગ્ય દીક્ષા, સંઘસત્તા અને દેવદ્રવ્ય આ ત્રણ પ્રશ્નોને અંગે ખળભળાટ મચ્યો હતો. અયોગ્ય દીક્ષાના સંબંધમાં ખૂબ લખાઇ ગયું છે એટલે તે સંબંધી કંઇ ન લખતાં દીક્ષા સંબંધમાં સંમેલનનો ઠરાવ વિચારીએ.

### દીક્ષા પ્રકરણ.

આઠથી સોળ વર્ષ સુધી માતાપિતાની અથવા જે સમયે જે વાલી હોય તેની રજા સિવાય દીક્ષા આપી શકાય નહિ, કારણ કે ત્યાં સુધી 'શિષ્ય નિષ્ફેટિકા' લાગે છે.

આઠ વર્ષથી સોળ વર્ષવાળાની દીક્ષામાં દીક્ષા લેનારના માબાપ અથવા તો વાલીની લેખિત સંમતિ લેવી. જે ગામમાં દીક્ષા આપવાની હોય, ત્યાંના સ્થાનિક પ્રતિષ્ઠિત બે શ્રાવકો દ્વારા લેખિત સંમતિ પ્રમાણે લેખિત સંમતિ આપનાર દીક્ષા લેનારના ખરા માબાપ અથવા તો વાલી છે, તેનો નિર્ણય જે ગામનો તે હોય ત્યાં આદમી મોકલી નિર્ણય કરાવે અને નિર્ણય થયા પછી દીક્ષા આપવી. દીક્ષા લેનારની યોગ્યતાની પરીક્ષા સામાન્યરૂપે પોતે કર્યા પછી વધારે સંમતિને માટે દરેક ગચ્છવાળાએ પોતાના સંઘાડા સિવાયના બીજા સંઘાડાના બે આચાર્યો અથવા તો વડિલોની પાસે યોગ્યતાની પરીક્ષા કરાવી સંમતિ મેળવી દીક્ષા આપવી.

૧. દીક્ષા લેનારને દીક્ષા આપી ગ્રહણ શિક્ષા તેમજ આસેવન શિક્ષા માટે સોળ વર્ષ પર્યંતની ઉમ્મર સુધી શ્રુત પર્યાયસ્થવીર સાધુઓની પાસે રાખવો યોગ્ય છે. જો તેના પિતાદિ નિકટ સંબંધી સાધુ થયેલ હોય અને તે તેની બરાબર રક્ષા કરી શકે તેમ હોય તો એ સાધુને એના પિતાદિની પાસે પણ રાખવામાં વાંધો નથી.

૨. સોળ વર્ષ પછી દીક્ષામાં શાસ્ત્રોક્ત નિષ્ફેટિકા લાગતી નથી તો પણ હાલનું આ આખું બંધારણ કેટલાક અંશે થયેલ અનિચ્છનીય વાતાવરણને લઇને ઠરાવરૂપે બાંધવામાં આવ્યું છે તેનેજ અનુસરતું ઠરાવવામાં આવે છે કે સોળથી અઢાર વર્ષ સુધીના દીક્ષા લેનારને પણ તેના વાલીની રજા સિવાય હાલમાં દીક્ષા આપવી નહિ.

૩. અઢાર વર્ષની પછીની ઉમ્મરવાળો દીક્ષા લેનાર માતા, પિતા, ભગિની, ભાર્યા વગેરે જે નિકટ સંબંધી હોય તેની અનુમતિ મેળવવા માટે તેને પ્રયત્નો કર્યા છતાં પણ અનુમતિ ન મળે તો દીક્ષા થઇ શકે છે.

૪. દીક્ષા લેનારને પોતાની સ્થિતિને અનુસારે પોતાના વૃદ્ધ માતાપિતા, સ્ત્રી અને નાનાં પુત્ર પુત્રીનાં નિર્વાહનો પ્રબંધ કરેલો હોવો જોઇએ.

૫. દીક્ષા દેનારે દીક્ષા લેનારમાં અઢાર દોષ પૈકીના કોઇ દોષ ન હોય એ ધ્યાનમાં રાખવું.

૬. દીક્ષા ઋતુ બધ્ધકાળમાં, તીથિ, નક્ષત્રાદિ મુહૂર્ત જોઇ શુભ દિવસે આપવી.

૭. વયની અપેક્ષાએ અતિ વૃધ્ધાવસ્થા ન થાય ત્યાં સુધી દીક્ષા આપવી.

૮. પદસ્થ, વડિલ કે ગુરૂ ત્રણમાંથી ગમે તે એકના પુછ્યા સિવાય દીક્ષા આપવી નહિ."

દીક્ષા માટેનો ઉપરોક્ત ઠરાવ અયોગ્ય દીક્ષાએ ઉત્પન્ન કરેલ અનિચ્છનીય વાતાવરણને દૂર કરે તેમ કોઇ પણ શાણો માણસ કબુલ કરી શકે તેમ અમે માનતા નથી, કારણ કે આજનું અનિચ્છનીય વાતાવરણ અઢાર વરસની અંદરનાને દીક્ષા આપવામાં આવે છે તે માટે છે. ઠરાવમાં જણાવવામાં આવ્યું છે તેમ આઠથી સોળ વરસની અંદરનાને સંમતિ વગર દીક્ષા નહિ આપવી તેમ કહે છે. પણ શ્રી રામવિજયજી પડકાર કરીને કહે છે કે અમે આઠથી સોળ વરસની અંદરનાને સંમતિ વગર દીક્ષા આપતાજ નથી એટલે ઉપરોક્ત ઠરાવનો એટલો વિભાગ નિરર્થક પુરવાર થાય છે, બાકીની જે તેમાં વિધિ કરવાની કહી છે એ કોઇ પણ સાધુ રમત રમીને કરી શકે છે તેમાં કોઇ જાતની મુશ્કેલી નડે તેમ અમને લાગતું નથી, એટલે એ ઠરાવ કોઇ પણ રીતે આજના વાતાવરણને શાંત કરે એ આશા વ્યર્થ છે. સાધુઓ કોઇ પણ દિવસ લોક અવાજને માન આપે એ માનવું જ ખોટું છે. કેટીમાંથી કદિ તેલ નિકળી શકે ખરૂં કે? મહિના સુધી ખુબ મંત્રણા કર્યાબાદ ઘાંચીના બેલની માફક ત્યાંના ત્યાંજ છે, એક તસુભર પણ આગળ વધ્યા નથી. આ સાધુઓ રાજ્યદંડ સિવાય કોઇ પણ રીતે અંકુશમાં આવે તેમ માનવાને અત્યારે કશા કારણો નથી. તેમનો શિષ્ય મોહ તેમને લોક અવાજને માન આપતાં અટકાવે છે. એટલે દીક્ષા નિયમનનો કાયદો જે રીતે વડોદરાના શ્રીમંત

**શ્રી કેસરીયાજી તીર્થ:**—કેસરીયાજી સંબંધનો પ્રશ્ન વિકટ બનવાથી પુનઃ શ્રી શાંતિસૂરિજી મહારાજે ઉપવાસ શરૂ કર્યા છે. શ્વેતાંબર મૂર્તિપૂજક વિધિપૂર્વક, ધ્વજદંડ અને બોલી વગેરેનું દ્રવ્ય જે પંડયાઓ લઇ જાય છે તે પ્રશ્નો માટે આ ઉપવાસનો આરંભ જણાય છે.

**બાળ વિધવા ગુમ:**—સુરતમાં હરીપરામાં રહેતા સ્વ. જૈન નથુભાઇની પુત્રી હીરા જે બાળ વિધવા હતી તે છેલ્લા ત્રણ ચાર દિવસથી ભેદભરેલી રીતે ગુમ થઇ છે. હીરાની ઉંમર તેર વરસની છે, તેની ઇચ્છા પુનર્લગ્ન કરવાની હોવા છતાં પણ સગા સંબંધીઓના અયોગ્ય દબાણથી એ ઇચ્છા અમલમાં મૂકી શકી ન્હોતી. પ્રથમ તેણીએ આપઘાત કરવાની પણ કોશીષ કરી હતી. ફરજીયાત વૈધવ્યના હિમાયતીઓને અર્પણ.

સરકારે કર્યો છે, તે સ્થાનિક ધારા સભાઓદ્વારા સરકારની ધારાપોથી ઉપર ચઢાવવો જરૂરી છે. સિદ્ધી રીતે સાધુઓ માને એ આકાશ કુસુમવત્ છે.

બીજો ઠરાવ દેવદ્રવ્યને અંગે છે ત્હેમાં જણાવવામાં આવ્યું છે કે:—

૧. દેવદ્રવ્ય, જૈનચૈત્ય તથા જીનમૂર્તિ સિવાય બીજા કોઇ પણ ક્ષેત્રમાં ન વપરાય. ઠરાવના આટલા ભાગ માટે તો સમાજના મોટા ભાગનો વિરોધ નથી.

૨. પ્રભુના મંદિરમાં કે મંદિર બહાર ગમે તે ઠેકાણે પ્રભુના નિમિત્તે જે જે બોલી બોલાય તે સઘળું દેવદ્રવ્ય કહેવાય. આ વ્યાખ્યા ખોટી છે. પ્રથમ તો દેવદ્રવ્ય એ શબ્દજ સંબંધ નથી. પ્રભુને વળી દ્રવ્ય શાં? બોલી એ કોઇ શાસ્ત્રીય બાબત નથી. પછી ત્હેને માટે આટલો આગ્રહ શા માટે ?

સ્વર્ગસ્થ આચાર્ય શ્રી વિજયધર્મસૂરિએ તે માટે પડકાર કરીને કહ્યું છે કે "પૂજા, આરતિ વગેરેની બોલાતી બોલીની આવક અગર જો સંઘ ઠરાવ કરે તો સાધારણ ખાતામાં લઇ જઇ શકે, તેમાં શાસ્ત્રીય બાધ નથી." છતાં દેવદ્રવ્યની વ્યાખ્યા આવી કેમ કરવામાં આવી તે સમજમાં આવી શકતું નથી. ઉપધાનમાળાદિની ઉપજને પણ દેવદ્રવ્યમાં લઇ જવાનો સંમેલને અભિપ્રાય ઉચ્ચાર્યો છે. આ કદાગ્રહતા નહિ તો બીજું શું કહી શકાય? અમે એમ કહીએ છીએ કે સાધુઓને દેવદ્રવ્ય સંબંધી અભિપ્રાય ઉચ્ચારવાનો શો અધિકાર છે? દેવદ્રવ્યની ભરતી શ્રાવક કરે છે, ત્હેની વ્યવસ્થા પણ શ્રાવક કરે છે અને ત્હેનો ઉપયોગ પણ એજ કરે છે ત્હેમાં સાધુઓને વચ્ચે શા માટે આવવું જોઇએ ?

**સંઘસત્તા:**—"શ્રમણ પ્રધાન જે સંઘ તે શ્રમણસંઘ એટલે સાધુ છે પ્રધાન જેમાં એવા સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધસંઘ તે શ્રમણસંઘ."

૨. શ્રી ચતુર્વિધસંઘને કરવા લાયક કાર્યોમાં શ્રી ચતુર્વિધસંઘની મુખ્ય સત્તા છે.

૩. સકલસંઘ શ્રાવક સંઘની શ્રાવક શ્રાવિકાના સમુદાય ઉપર શાસન ગુનાની બાબતમાં યોગ્ય કરવા પૂર્ણ સત્તા રહેશે. પણ શ્રાવકસંઘ સાધુ સાધ્વી પ્રત્યે રાજા સમાન, માતાપિતા સમાન, ભાઇ અને મિત્ર સમાનપણે શુભાશયે વર્તવું યોગ્ય છે.

૪. સાધુ સાધ્વીઓ ઉપર ત્હેમના સંઘાડાના વડિલની કુલ સત્તા છે.

કારણ વિશેષે આચાર્ય અગર સંઘાડાના વડિલની આજ્ઞાથી શ્રાવકસંઘ તે સંઘાડાના સાધુ પ્રત્યે જરૂરી ફરજ અદા કરી શકશે, તેમજ કોઇ સાધુ સાધ્વી અત્યંત અનુચિત કાર્ય કરે તોજ તે સમયે શ્રાવકસંઘ ઉચિત કરી શકે છે પણ આનો દુરૂપયોગ થવો જોઇએ નહિ.

ઉપરોક્ત ઠરાવમાં કોઇ પણ રીતે સંઘ સત્તાનો સ્વીકાર થયો નથી. જે સંઘ સાધુ સાધ્વીને માતાપિતા તરીકે પાળે છે, જેમના ઉપર ત્હેમનો આર્થિક તમામ પ્રકારનો બોજો છે, અને ત્હેમને દરેક પ્રકારના સાધનો પૂરાં પાડે છે. ત્હેમની વ્યવસ્થાને પણ માન આપવાનો ઉપરોક્ત ઠરાવમાં કશું જણાવવામાં આવ્યું નથી. સાધુઓને જો સંઘસત્તાનો સ્વીકાર કરવાનો હોય તો માત્ર એકજ ઉપાય છે અને તે એકે જ્યાં સુધી તેઓ સંઘ-સત્તાનો સ્વીકાર ન કરે ત્યાં સુધી ત્હેમનો બહિષ્કાર કરવો. આજના સ્વેચ્છાચારી સાધુઓને જો ઠેકાણે લાવવા હોય તો માત્ર એજ રાહ છે. બાકી સાધુઓના સંયમી જીવન માટે, તીર્થના રક્ષણ માટે, સાધુ સંસ્થામાં જ્ઞાનાદિના પ્રચાર અંગે, શ્રાવકોન્નતિ, પરસ્પર સંપની વૃદ્ધિ, ધર્મ ઉપર થતાં આક્ષેપો અને ધર્મમાં રાજસત્તાનો પ્રવેશ એ ઠરાવોને અંગે કંઇ અશાંત વાતાવરણ ઉત્પન્ન થયું નથી. આ ઠરાવોની સામે સુધારક સાધુ શા માટે મૌન રહ્યા તે કંઇ સમજમાં આવતું નથી. શ્રીમાન વિદ્યાવિજયજી જેવા વિચક્ષણ પુરૂષો આવા ઠરાવો સંબંધી કેમ કંઇ નિવેદન કરતા નથી? ત્હેમણે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવી ઘટે છે. નવ જણાની સરમુખત્યાર કમીટીમાં સુધારક પક્ષનો વિશ્વાસ ધરાવનાર તરીકે શ્રી વિજયવલ્લભસૂરિને માનવામાં આવ્યા હતા. ઉપરોક્ત ઠરાવો ઉપર સહી કરી વલ્લભ-સૂરિએ સુધારક પક્ષનો વિશ્વાસઘાત કર્યો છે. ત્હેમણે પ્રમાણિકપણે વોક આઉટ કરવો જોઇતો હતો.

૪ એક સમુદાયનો સાધુ બીજા સમુદાયમાં રહી શકે નહિ. પરંતુ કેવળ અભ્યાસ કરવા જતો હોય, તો અભ્યાસ અર્થે સાથે રાખી શકાય.

જે સાધુનો કોઇ વડીલ ન હોય, તેને બીજા સમુદાયના સાધુ રાખી શકે છે.

૫. જીર્ણોદ્ધાર માટે સાધુઓએ ઉપદેશ આપવો. સાધારણ દ્રવ્યની વૃદ્ધિ થાય તેવો ઉપદેશ આપવો; મંદિરની પ્રાચીનતા ભંગાય નહિં તે માટે ઉપદેશ આપવો.

૬. વડિલોએ પોતાના સાધુઓને આગમોનો અભ્યાસ કરાવવો, વડિલોએ પોતાના સાધુઓની જેમ દર્શન શુદ્ધિ વધે તેમ પ્રયત્ન કરવો. બ્રહ્મચર્યાદિ ચારિત્રમાં પુષ્ટિ થાય તેમ કરવા વડિલોએ પ્રયત્ન કરવો. સાધુઓએ વ્યાકરણ, ન્યાય, કાવ્ય, કોષાદિ વગેરેનો અભ્યાસ કરવા માટે સંસ્થા યોજવાનો ઉપદેશ આપવો.

૭. સાધુઓએ શ્રોતાને મિથ્યાત્વ કે પાપની પુષ્ટિ પોષણ ન થાય તે ધ્યાનમાં રાખી વિતરાગ પ્રણિત ધર્મ પ્રધાન દેશના આપવી.

૮. શ્રાવક શ્રાવિકાની ભક્તિ કરવા સાધુઓએ ઉપદેશ આપવો.

૯. વ્યાખ્યાનાદિમાં આક્ષેપ કરવા નહિ, લોકોમાં ભિન્નતા ન દેખાય તેવી રીતે વર્તન રાખવું. છાપામાં સામ સામા આક્ષેપો લખવા કે લખાવવા નહિ અને જ્યાં ભેગા થાય ત્યાં યોગ્ય ઉચિત સાચવવું.

૧૦. ધર્મ તથા તીર્થ ઉપરના આક્ષેપોનો પ્રતિકાર કરવા શ્રી સાગરાનંદસૂરિ, શ્રી વિજયલબ્ધિસૂરિ, પં. શ્રી લાવણ્ય વિજયજી મુનિશ્રી વિદ્યાવિજય, મુનિશ્રી દર્શનવિજયજી એ પાંચની કમીટી નીમવામાં આવી છે, ત્હેમણે મળીને નિયમાવળી કરવી.

૧૧. ધર્મમાં રાજસત્તાના પ્રવેશને અયોગ્ય ગણવામાં આવ્યો છે. હાલના અનિચ્છનીય વાતાવરણ માટે આ પટ્ટક નિમિત્તે આ નિયમો કર્યાં છે. આ નિયમો વિરૂધ્ધ કોઇ કરશે નહિ, કરવા કે કરાવવા પ્રયત્ન કરશે નહિ. ત્હેની નીચે શ્રી વિજયનેમિસૂરિજી, શ્રી વિજયવલ્લભસૂરિજી, શ્રી વિજયનીતિ સૂરિજી, શ્રી વિજય ભૂપેન્દ્રસૂરિજી, શ્રી સાગરાનંદ સૂરિજી, શ્રી સિધ્ધિસૂરિ, શ્રી દાનસૂરિ, શ્રી જયસિંહસૂરિજી અને શ્રી સાગરચંદ્રજીની સહી છે.

# શ્રી જૈન યુવક પરિષદ્

## જાહેર સભાનો અહેવાલ.

તા. ૮-૪-૩૪ રવિવારના રોજ રાત્રિના આઠ વાગે શ્રી માંગરોળ જૈન સભાના હોલમાં જૈનોની એક જાહેર સભા શ્રી વીરચંદ મેઘજીભાઈ શાહ બાર-એટ-લોના પ્રમુખપણા નીચે મળી હતી. તેમાં "શ્રી જૈન યુવક પરિષદ અને કોન્ફરન્સ" એ વિષય ઉપર નીચેના વક્તાઓએ વિવેચન કર્યું હતું.

શ્રી અમીચંદ ખેમચંદ શાહે શરૂઆત કરતાં જણાવ્યું કે કેટલાક લોકો કહે છે કે પરિષદ કોન્ફરન્સની દેખાદેખીથી ભરવામાં આવે છે, કોન્ફરન્સને હલકી પાડવા માટે ભરવામાં આવે છે, તો મ્હારે કહેવું જોઈએ કે આવી વાતો કરનાર લોકો સમાજને ઉંધે રસ્તે દોરવા માટે એક પ્રકારનું તૂત ચલાવે છે. પરિષદ ભરવાનો હેતુ કોન્ફરન્સને હલકી પાડવાનો નથી તેમજ દેખાદેખીથી પણ નથી. આજથી બે માસ ઉપર શ્રી જૈન યુવક મહામંડળે ઠરાવ કર્યો હતો કે સાધુ સંમેલન પુરું થયા પછી એક માસમાં અનુકૂળ સ્થળે શ્રી અખિલ ભારત જૈન યુવક પરિષદ ભરવી. એ ઠરાવાનુસાર પરિષદ ભરવાનું તો કોન્ફરન્સના અધિવેશન પહેલાંજ નક્કી થઈ ગયું હતું. હા એટલું ખરૂં કે કોન્ફરન્સ અહીંયા ભરાય છે એ તકનો લાભ લઈને અમોએ મુંબઈના આંગણે પરિષદ ભરવાનો નિર્ણય કર્યો છે. આથી આપને ખાત્રી થશે કે પરિષદ હરીફાઈમાં નથી ભરાતી. આજે જગતના પ્રવાહનો પ્રગતિના પથે ધપાવવામાં યુવાનો કુચકદમ કરી રહ્યા છે. ત્યારે જૈન સમાજમાં સામાજિક બદીઓ અને ધર્મના નામે થતી ગેરવ્યાજબી ચર્ચાઓ અંગે જૈન યુવકને આવી પરિષદોદ્વારા એનો અવાજ રજુ કરી સમાજને જાગૃત કરવામાં આગળ થવાની જરૂર છે. જો કે જુનાં સંસ્કારો પલટે છે, સમાજ પ્રગતિ કરે છે પરંતુ તેમનો વેગ ધીમો હોવાથી તેઓ ધીમેધીમે પગલાં ઉપાડવાની ભલામણ કરે પણ યુવાને તો એની યુવાનીને શોભે તેવાંજ પગલાં ઉપાડવાં રહ્યાં, છુટકો જ નહિં.

આપણી જૈન મહાસભાએ આજ સુધી જે કાંઈ કાર્ય કર્યું છે તેને માટે અમોને માન છે. તેનો વેગ ધીમો હશે, તો તેનો વેગ વધારવામાં, તેના પાયામાં સીમેન્ટ પુરવામાં યુવાનો પાછા નહિ પડે. યુવાનો સમજે છે કે તે અમારી મહાસભા છે. તે અને અમે એકજ છીએ.

આપણા સમાજમાં ઘર કરીને બેઠેલી અનેક રૂઢીઓ અને બંધનો સમાજ પ્રગતિને રૂંધી રહેલ છે, દાખલા તરીકે આપણા ન્યાતિ અને ગોળોના તંત્રો તરફ નજર કરશો તો આપને ખ્યાલ આવશે કે તે તંત્રો રૂઢીવાદને પોષનારા છે, આજે એ તંત્રમાં ૨૫ વર્ષનો યુવક બાર વર્ષની બાળા સાથે લગ્ન કરવા બહાર પડે તો એની ઉજાણીમાં ભાગ લેવાશે. બાળલગ્નમાં ફક્ત એક પતિ હયાત હોવા છતાં તેના ઉપર બીજી કરનાર અંગે મૌન સેવાશે, એટલે એના કાયદા અને કાનુનો સમાજ પ્રગતિને રૂંધનારા છે. એ તંત્રો જ્યાં સુધી સુધરે નહિ અથવા તૂટે નહિ ત્યાં સુધી સમાજ પ્રગતિ મુશ્કેલ છે, કન્યા કેળવણી એ સમાજનો મુખ્ય પ્રશ્ન છે અને એ કેળવણીની રૂકાવટ કરનાર આવા તંત્રો છે, આ સિવાય સમાજ વૃદ્ધવિવાહ, પ્રેતભોજન, બાળલગ્ન, મોટા ખર્ચો, રડવું, કૂટવું ઇત્યાદિ અનેક કુરિવાજોથી દબાઈ રહ્યો છે, સાથે બેકારી પણ દબાવી રહી છે.

દીક્ષા, દેવદ્રવ્ય, સંઘ સત્તા, ધર્મના નામે થતાં બીનજરૂરી ખર્ચો, આ દરેક પ્રશ્નો વિચારણા માગે છે, તેમાં દીક્ષા, દેવદ્રવ્ય, અને સંઘસત્તા વિ. ગંભીર પ્રશ્નોની વિચારણા આપણા જૈન મુનિવરોએ અમદાવાદમાં કરી છે, આજે જૈન જનતાના બહાર પડેલા વધારામાં જે ઠરાવો બહાર આવ્યા છે તે જો સત્ય હોય તો પાણી વલોવવા જેવું લાગે છે. પણ જ્યાં સુધી સત્તાવાર ઠરાવો બહાર ન પડે ત્યાં સુધી તે ઉપર બોલવું નિરર્થક છે, છતાં એટલું તો સાફ સાફ કહેવુંજ પડશે કે પૂજ્ય મુનિવરોની પરિષદે કરેલ ઠરાવો રમત વગરના સાચાજ ઠરાવો હશે તો યુવાનો શીરે ચડાવશે. અને ફાટેલા મુસાફર જેવા કે સમાજને બનાવવા ધારીઆ હશે તો યુવાનો સમાજને સાવધ કરવામાં પાછા પગલાં નહિ ભરે, પછી ભલે આજેતુજાર રોઢીઆ હોય કે મુનિવરો હોય. એને તો સાચા રાહે કુચ કરેજ છુટકો. આ કુચ સહેલી નથી. આ રાહ સુંવાળો નથી. પણ તે ખડબચડો એને કાંટાવાળો છે, તે ઉપર ડુખ્ખો કુચ નહિ કરી શકે, યુવાનોજ કરશે, એટલે સામાજિક અને ધાર્મિક પ્રગતિ કરવી એ સહેલી વસ્તુ નથી, તેની સુધારણા અંગે યુવાન સંગઠનની ખાસ જરૂર છે. અને એ સુધારણા તથા સંગઠન આવી પરિષદો દ્વારા જ થઈ શકે છે, આ પરિષદ ભરવાનો હેતુ આપણી શ્રીમતી કોન્ફરન્સને હલકી પાડવાનો નથી. પરંતુ તેને પુરેપુરો સહકાર આપીને મજબુત કરવાનો જ યુવાનોનો નિરધાર છે. પછી હલકી પાડવા જેવી વસ્તુજ ક્યાં છે?

આ પરિષદ ઠરાવો કરશે અને એની શક્તિ અનુસાર રચનાત્મક કાર્યક્રમ તૈયાર કરી સમાજ આગળ મુકશે, યુવાન બંધુઓ! તમારે આંગણે પરિષદ ભરાય છે. કોઈની શરમાશરમીમાં આવ્યા સિવાય તમારા વિચારો છુટથી રજુ કરવા અને બનતું કરી છુટવા જરૂર બહાર આવશો અને પરિષદને ફતેહમંદ બનાવશો. પરિષદ યુવાનો અને યુવતિઓની છે, છતાં જેઓ આગ્રહ કરશે કે દૂર ઉભા રહી જોયા કરશે તેને પસ્તાવું પડશે. હવે જોયા કરવાનો કે પ્રમાદ સેવવાનો વખત નથી.

ત્યારબાદ શ્રી ડાહ્યાભાઈ એમ. મહેતાએ પ્રાસંગિક વિવેચન કર્યા પછી કહ્યું હતું કે-ઇતિહાસની ખણ ગમે તે હોય પણ તે નિમિત્તે સમાજમાં જે બનાવો બની રહ્યા છે. તે દરેકે વિચારવા જેવા તો છેજ. સાધુ સંમેલન ભરાઈ ગયું, સાધુઓના પ્રશ્ન ઉપર આજે જૈન સમાજમાં ભારે મંથન થઈ

### શ્રી જૈન યુવક પરિષદ્.

#### હેમાં મુકવાના ઠરાવોને લગતા મુદ્દાઓ

છેલ્લી સ્વાગત સમિતિ તરફથી ઠરાવ સમિતિને આપાયેલ સત્તાની રૂએ પરિષદમાં થનારા ઠરાવોના મુદ્દાઓ નક્કી કરવા માટે હેની એક મીટિંગ શ્રીયુત વીરચંદ મેઘજીભાઈ શાહ બેરીસ્ટરના પ્રમુખપણા નીચે મળી હતી, તે પ્રસંગે કમીટિના દરેક સભ્યોએ હાજરી આપી હતી અને નીચેના મુદ્દાઓ નક્કી કરવામાં આવ્યા હતા.

ઠરાવોનો પ્રદેશ:—દેશકાળ અનુસાર આવશ્યક વિચારોના તેમજ આચાર વ્યવહારના પરિવર્તન કાર્યને લગતા વિષયો. આપણા સમાજને લગતા મહત્વના બનાવો, યુવક સંઘોના બંધારણ તથા સંગઠનને લગતી પ્રવૃત્તિઓ.

ધાર્મિક:—જૈન કોન્ફરન્સ, મુનિ સંમેલન, કેશરીયાજી, અયોગ્ય દીક્ષા, દેવ દ્રવ્ય, બીનજરૂરી મંદિરો, ગુરૂમંદિર, આંગી-કેશર, સાધુઓનો પુસ્તક પરિગ્રહ, સાધુઓ અને સંઘસત્તા, સાર્વજનિક ફંડો.

સામાજિક:—પ્રતિજ્ઞા સૂચક, બાળ લગ્ન, વૃદ્ધલગ્ન રડવું કુટવું, પ્રેતભોજન, અસ્પૃશ્યતા.

અભિપ્રાય સૂચક:—ફરજીઆત વૈધવ્ય. કન્યાની લેવડ દેવડ અને જ્ઞાતિ બંધન, કન્યા અને સ્ત્રીને વારસાહક્ક, બાળ ગ્રામણ.

ઉપરના મુદ્દાઓ અને હેને લગતા ઘડવાના ઠરાવો સંબંધમાં જે કોઈ ભાઈ યા બ્હેનને સુચનાઓ કરવી હોય, હેમને મંત્રી 'ઠરાવ સમિતિ' ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ, જૈન યુવક સંઘની ઓફીસમાં મુ. મુંબઈ નં. ૩ એ શીરનામે તા. ૨૦-૪-૩૪ સુધીમાં મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

પરમાનંદ કુંવરજી કાપડીઆ, મંત્રી 'ઠરાવ સમિતિ'

રહ્યું છે. તે તદ્દન સાચું છે. પણ સાધુ અને શ્રાવકો ભેગા મળીને આજેજ કામ કરે છે. સાધુ સમેલન પછી ભાંગવાની તૈયારીમાં હતું પણ સદ્‌ભાગ્યે તેમનામાં સાદી સમજ આવી અને તેઓએ મળીને કાંઇક ઠરાવો કર્યા, પછી ભલે તે ઠરાવો પ્રગતિ તરફ લઇ જતા હોય કે ન લઇ જતા હોય પણ જે તેમનામાં સાદી સમજ આવી તેજ પ્રગતિનું ચિહ્ન છે. અને તેથી જે કોઇ પણ સાધુ ઠરાવ વિરૂદ્ધ કાર્ય કરે તો તેને સાધુ સંસ્થામાંથી બરતરફ કરવો જોઇએ. પણ તે હજી સુધી નથી થયું. શું સાધુઓના સ્વાંગથી આપણો ધર્મ ટકશે? હર્ગીજ નહિ. ગૌતમસ્વામિનો દાખલો આપીને તેઓશ્રીએ સમજાવ્યું હતું કે પોતાનો ઉદ્ધાર પોતાને હાથે જ થાય છે. સાધુતાના સ્વાંગમાં પ્રભુતાનો વાસ નથી, પણ જે જીવન સત્ય અને વ્રતોથી ભરપૂર છે ત્યાંજ ખરી સાધુતા કે પ્રભુતાનો વાસ છે. આજનો સાધુ એ સાધુ નથી. પણ સાધુના સ્વાંગમાં ફરતા દંભી સાધુઓ છે. આપણા મુરબ્બીઓ જો યુવાનોનો સાથ લેશે, તેની મર્યાદાઓ સ્વીકારશે તોજ તેઓ આગળ ધપી શકશે. ત્યારબાદ શ્રી મોહનલાલ દીપચંદ ચોકસીએ યુવક સંગઠ્ઠનની આવશ્યકતા ઉપર ખુબ અસરકારક વિવેચન કરતાં કહ્યું હતું કે વિદ્યુત વેગે ચાલતા આજના યુગમાં આપણે માત્ર વિચાર કરીને બેસી રહેવાનું નહિ પાલવે. એક ભાઇએ કહ્યું કે યુવાનો નવસર્જક છે. હું કહું છું કે યુવાનો નવસર્જક નથી. એ નવસર્જકતા તો ગાંધીજીના જેટલો ત્યાગ હોય ત્યારે જ આવી શકે છે, ભલે નવસર્જન આપણે ન કરી શકીએ પણ જીર્ણોદ્ધાર કરીએ તો પણ ઠીક છે. યુવાનોને કાર્ય કરવા માટે અત્યારે અનેક ક્ષેત્રો છે પણ તે બધાને મજબૂત સંગઠ્ઠનની આવશ્યકતા છે. અને તે સંગઠ્ઠન કરવા ખાતર આપણી પરિષદ ભરાય છે. માટે ભલે પરિષદમાં થોડાકજ ઠરાવો થાય પણ તેનો અમલ રચનાત્મક કાર્ય કરીને પૂરેપૂરો થવો જોઇએ.

શ્રી માણેકલાલ—એ—ભટેવરાએ મરાઠીમાં યુવક પરિષદની આવશ્યકતા ઉપર અને તેણે શું કરવું જોઇએ તે ઉપર સરસ વિવેચન કર્યું હતું. બાદ શ્રી વલ્લભદાસ ફુલચંદ મહેતાએ યુવક સંગઠ્ઠનની આવશ્યકતા ઉપર સારો પ્રકાશ પાડ્યો હતો. અને તેઓએ કહ્યું હતું કે કોન્ફરન્સના આગેવાનો આગળ પડતા ભાગ ભજવે છે તે એમનું ડહાપણ યુવાનોના સાથ વગર ફતેહમંદ થઈ શક્યું નથી માટેજ છે. પણ હવે એવો સમય આવી પહોંચ્યો છે કે તેઓએ યુવાનોનો સાથ લીધા વગર છુટકોજ નથી. જો તેઓએ આગે કદમ કરવી હોય તો યુવક પરિષદ કોન્ફરન્સના ટેકા રૂપ છે એમ હું તો કહું છું. યુવાનો વિના હવે કોન્ફરન્સનું ગાડું ચાલવાનું નથી. આશા રાખું છું કે સૌ ભાઇઓ બહેનો આપણી યુવક પરિષદને સંપૂર્ણ સાથ આપશો.

શ્રી ચંદ્રકાન્ત —વી—સુતરીઆએ જણાવ્યું કે ધરતીકંપના આંચકાની જેમ યુવાનોના વિચારો આજે સમાજમાં આંચકો ખવરાવે છે. ભલે પછી તે રચનાત્મક કાર્ય કરે યા ન કરે, જો કે રચનાત્મક કાર્યને પહેલાં અને છેલ્લી સૌથી આગળની જરૂર છે પણ તેથી આપણે વિચારો નજ કરવા તેમ નથી, વિચારો સમાજને કાંઇક આંચકો લગાડશે અને તેમાંથી કાંઇકને કાંઇક થશેજ. જેમ વરસાદનું પાણી જમીન ઉપર પડીને ચાલ્યું જાય છે. નદીઓ પૂર ઉભરાઇને ખાલી થઇ જાય છે. પણ તેની પાછળ પાણી જમીનને ભીનાશમય બનાવી જાય છે, અને નદી લીલી હરીયાળી જમીન મુકી જાય છે. તેમ યુવકો વિચાર કરવા માટે ભેગા થાય તેમાં કાંઇ ખોટું નથી, તે મુંઝાએલી જમીનને લીલી તો બનાવશે અને તેમાંથી કાંઇ અમલી કાર્ય પણ થશેજ.

ત્યારબાદ શ્રી પ્રમુખ સાહેબે ખુબ મનનીય વિવેચન કર્યું હતું, આજે આંદોલનો ખુબ ઉભરાઇ રહ્યા છે, પછી તે આપણને અવસર્પિણી તરફ લઇ જાય કે ઉત્સર્પિણી તરફ, પણ આનંદની વાત તો એ છે કે હવે યુવાન વિચાર કરે છે કે હું કઇ જગ્યાએ છું, કઇ સ્થિતિમાં છું! આપણે એમ ન માનવું જોઇએ કે ધર્મમાં ખામી છે. જે ભગવાને આવતી કાલની આગાહી કરીને એવી સંઘ રચના કરી હતી કે જેનો જોટો આજે મળવો અશક્ય છે, તે સંઘ સત્તા આજે છિન્ન ભિન્ન થઇ ગઇ છે, જે સાધુ સંસ્થાની ઉપર આપણા માનસનો આધાર હતો તે સાધુ સંસ્થામાંથી આજે માનસજ ઉઠી ગયું છે. જે શ્રાવક સમુદાયમાં એકતા હતી તે શ્રાવક સમુદાય આજે અસ્તવ્યસ્ત થઇ ગયો છે. જે શ્રીમંતોને ત્યાં છપ્પન ઉપર ભુંગળો વાગતી હતી તેને આજે રોટલી કે વસ્ત્ર મળવા કઠણ થઇ પડ્યા છે, આ બધો વિચાર જો જૈનો કરે તો તે પોતે ક્યાં છે? કઇ સ્થિતિમાં છે તેનો તેને પુરેપુરો ખ્યાલ આવે. જૈન એટલે વિજેતા. વિજેતાનો અર્થ એ નથી કે આખી દુનીયાનું રાજ્ય પોતાના બળથી પ્રાપ્ત કરે. પણ આત્માની અંદર એવી અનેક શક્તિઓ રહેલી છે કે તેના ઉપર પોતાના બળથી કાબુ મેળવે. તે શક્તિનો સદ્‌ઉપયોગ કરી શકે તેજ વિજેતા છે. માટે સાચી ક્રાન્તિ અને વિચાર આંદોલનો ફેલાવવાની અગત્યતા છે. માત્ર વિચાર આંદોલનોથી નથી પતી જતું પણ રચનાત્મક કાર્યની પણ તેટલી જરૂર છે. આજે વિધવાને ખાવાને પૂરતું અન્ન મળતું નથી અને પહેરવાને પૂરતું કપડું પણ મળતું નથી, તે બિચારી પોતાની એબ ઢાંકવા ખાતર બટકુ લુગડું પોતાના શરીરે વિંટાળીને જીવન વ્યતિત કરે છે.

જગત આજે પ્રગતિને પંથે છે તેમાં આપણે પ્રગતિ સાધવી છે એટલે કે આપણે આગળ ધપવું છે તે માટે આપણી યુવક પરિષદ ભરાય છે, જગતમાં બળવાખોર કોણ નથી? સૌ કોઇ એક યા બીજી રીતે બળવાખોર છે જ. મુડદામાં ચૈતન્ય લાવવા માટે જે કાંઇ કરવું પડે અને તેને જો બળવો કહેવામાં આવે તો અમે એવા બળવાખોર થવા માંગીએ છીએ.

જે સાધુઓ આજ સુધી સમાજને પ્રગતિ તરફ નથી લઇ ગયા તેને સાફ સાફ સુણાવી દેજો કે તેઓ સાધુના સ્વાંગને લજાવી રહ્યા છે, તેમને પડકાર કરીને તેમનો સ્વાંગ ઉતારી લેજો. જે દિવસે તમો તમારી પાત્રતા સાબીત કરશો તે દિવસે અમો તમોને તમારો સ્વાંગ પાછો સોંપશું અથવા તો તમારા તે સ્વાંગને માથું નમાવીને વધાવી લઇશું. માટે આપણી યુવક પરિષદ આ બધી વસ્તુનો યુવકને છાજે તે રીતે વિચાર કરવા ભરાય છે અને તેમાં સાચા યુવાનોનો સાથ મળે એવું ઇચ્છું છું.

છેવટે ચંદ્રકાન્ત વી. સુતરીઆએ પ્રમુખનો તેમજ સભાજનોનો આભાર માન્યો હતો. અને પછી જે જાહેર સભાઓ ભરવામાં આવે તેમાં પધારવા વિનંતિ કરી હતી. ત્યારબાદ સભા વિસર્જન થઇ હતી.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી ક્રાઉન પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી શ્રી જૈન યુગ સીંડીકેટ માટે ન્યુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪, મુંબઇ નં. ૨, તરૂણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.